# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika


વર્ષ : ૧૭    ૨૦૨૩ : જાન્યુઆરી

અંક : ૧    માસિક : રૂ. ૫/-



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

# SCAN TO PAY
## WITH ANY BHIM UPI APP

## ABBHS

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા બાજખેડાવાળ પત્રિકામાં જન્માક્ષરના માધ્યમ માટે તથા સારા નરસા પ્રસંગોએ ભેટ આપવા માટે તથા શ્રી બાજખેડાવાળ જ્ઞાતિજનો દ્વારા વિશિષ્ટ સહાય ફંડમાં અવાર–નવાર રકમો અપાતી હોય છે જેના માટે આપણે રોકડ અથવા ચેકથી મોકલવા માટેના પ્રયત્નો કરવા પડતા હોય છે. જેના માટે વ્યક્તિઓના માધ્યમોનો, કુરિયરના માધ્યમનો સહારો લેવો પડતો હોય છે અથવા રૂબરૂ આવવું પડતું હોય છે. આ બધાથી બચવા માટે સંસ્થા દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવેલ છે. આપની ઉપર મુજબની વિગતથી "ક્યુઆર કોડ" આપશ્રી જ્યારે પણ રકમ જમા કરાવો ત્યારે પૈસા જમા કરાવ્યાનો સ્ક્રીન શોર્ટ અથવા ફોન કરવાનું અવશ્ય રાખશો જેથી રકમ મળ્યાનું કંફર્મેશન મળી જાય. (ખોટી જગ્યાએ જતુ ન રહે)*

***બીજી અગત્યની સુચના*** *– આપ જ્યારે વિશિષ્ટ સહાય ફંડમાં કે દાનની રકમ આપતા હોવ ત્યારે ખાસ કરીને આપનો આધાર કાર્ડ અને પાન કાર્ડની કોપી અવશ્ય મોકલી આપશો જેથી આપને ૮૦જી હેઠળ બાદ લઈ શકો. રૂ. ૨૫૦૦/–થી ઉપરની રકમ ઈન્કમટેક્ષમાં મજરે લેવા આ માહિતીની જરૂર છે. રૂ. ૨૫૦૦/– કે તેથી ઉપરની રકમ હશે તેને જ પાવતી મોકલી આપવામાં આવશે. જેની નોંધ લઈ યોગ્ય કરશો.*

***આ "ક્યુઆર કોડ" કાયમ માટે સાચવીનો રાખશો.***

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

## ૩૩મું રાષ્ટ્રીય અધિવેશનનો અહેવાલ (તા. ૨૫-૧૨-૨૦૨૨)

## સૌજન્ય - શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

**સ્થળ - સરદાર પટેલ બેન્કવેટ હોલ, ડી.ઝેડ સ્કૂલ સામે, ૮૦ ફૂટ રોડ, આણંદ**

દર વર્ષની માફક, ડિસેમ્બર માસના છેલ્લા રવિવારે યોજવામાં આવતું બાજખેડાવાળ હિતવર્ધક સભાનું વાર્ષિક અધિવેશન આ વર્ષે આણંદ ખાતે તા. ૨૫-૧૨-૨૦૨૨ને રવિવારે કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ હતું. વહેલી સવારથી જ જ્ઞાતિના સભ્યો આવવાના શરૂ થઈ ગયા હતા. દર વર્ષ કરતાં ઠંડીનું પ્રમાણ આ વખતે ઓછું દેખાઈ રહ્યું હતું. સવારે સૌનું ગરમ ગરમ ઉપમા અને ચા-કોફીથી સ્વાગત કરવામાં આવ્યું અને અરસપરસ વાતોના તડાકા સાથે સૌએ કુમળા તડકામાં એનો આનંદ માણ્યો.

નિયત સમયે મહેમાનો પણ આવી ગયા અને સહુ હોલમાં બિરાજમાન થતાં, મનીષભાઈ શાસ્ત્રી પોરડા દ્વારા તેમના કંઠે ગવાયેલ સ્તુતિ થકી ગણેશ પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થઈ. સૌએ ભાવવિભોર થઈ પ્રાર્થનાનો ભાવ અનુભૂત કર્યો.

અધિવેશનના ઉદ્‌ઘાટકશ્રી શ્રીમતી ડૉ. વનલતાબેન ભટ્ટને દિપ પ્રાગટ્ય કરવા માટેની વિનંતી કરવામાં આવી. હોલમાં બેઠેલા અબાલ-વૃદ્ધ સૌએ આ દિપ પ્રાગટ્ય તથા અધિવેશનના ઉદ્‌ઘાટનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. શ્રીમતી વનલતાબેન સી. કે. ભટ્ટ સાહેબની જેમ જ્ઞાતિ સમાજના પ્રોજેક્ટો અને પ્રોગ્રામોમાં ઊંડો રસ ધરાવે છે તેઓશ્રી અધિવેશન માટે સ્પેશીયલ ભારત પરત ફરેલ છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના પ્રમુખ તથા આયોજક શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના પ્રમુખ શાબ્દિક સ્વાગત કરવા માટે ઊભા થયા. ૨૦૧૯માં ૨૦૨૦ના ડીસેમ્બર માસમાં વડોદરા યજમાન પદે અધિવેશન યોજવાનું નક્કી કરેલ પરંતુ કુદરત આગળ આપણે સૌ પામર છીએ. સમગ્ર વિશ્વમાં કોરોના કાળ દરમ્યાન ઓછી વધતી અસરો જણાઈ જેમાં આપણા સમાજના આપણી હિતવર્ધક સભાના ઉપપ્રમુખ શ્રી અરૂણભાઈ શેલત, કારોબારી સભ્યશ્રી જયેશભાઈ દવે, શ્રી અરૂણભાઈ દવે, હિતવર્ધક સભા તથા બાજખેડાવાળ મંડળ આણંદના કારોબારી સભ્ય શ્રી તુષારભાઈ શેલતનું દુઃખદ અવસાન થયેલ તેમજ આ સીવાય નામી-અનામી જ્ઞાતિજનોના કોરોના દરમ્યાન થયેલ મૃત્યુ માટે ૨ મીનીટનું મૌન પાળવામાં આવ્યું. સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવી.

પ્રમુખશ્રી કિરીટભાઈ દવે દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન યોજાએલ પ્રવૃત્તિ બદલ તથા અધિવેશનમાં ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રી, દાતાશ્રીઓ, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદના કારોબારી સભ્યશ્રીઓ, સમગ્ર ભારતમાંથી પધારેલ સૌ જ્ઞાતિજનોને આવકારવામાં આવ્યા અને આગામી ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૩૧-૧૨-૨૩ના રોજ નડિયાદ ઈપ્કોવાળા હોલ ખાતે યોજાનાર છે. જેમાં યથાશક્તિ યોગદાન તથા પ્રત્યક્ષ હાજરીની અપેક્ષા રાખવામાં આવી.

અધિવેશન અધ્યક્ષશ્રી જગતભાઈ દવે દ્વારા અંદાજિત ૧૨૦૦ જેટલા જ્ઞાતિજનોની વિશાળ સંખ્યામાં હાજર રહેલ સૌ જ્ઞાતિજનોનો આભાર માનવામાં આવ્યો. વિશિષ્ટ સહાયના સુંદર અભિગમનીય કાર્યક્રમને સફળ બનાવવા માટે અભિનંદન પાઠવવામાં આવ્યા.

મંત્રીશ્રી સમીરભાઈ દવેએ સંસ્થાનો વિસ્તૃત અહેવાલ આપ્યો અને નાનકડી રકમથી શરૂ થયેલ વિધવા સહાય કેવી રીતે વરસોવરસ આજની સ્થિતિએ પહોંચી છે તેની સૌને હળવી ઝાંખી આપી. ચાલુ સાલે સંસ્થા દ્વારા તા. ૧-૮-૨૦૨૨ના રોજથી જે વિશિષ્ટ સહાય પ્રતિમાસે રૂ. ૧૩૦૦/- આપતા હતા તે રૂ. ૨૦૦૦/- પ્રતિમાસે કરવામાં આવેલ છે. સૌનો એક સામાન્ય મત હતો કે ટૂંક જ સમયમાં આ વિધવા સહાયની રકમમાં સારો એવો વધારો કરી રૂ. ૨૫૦૦/- સુધી પહોંચાડવી. આ ભગીરથ કાર્ય સહુએ જ્ઞાતિ સમુદાયના સહકાર સાથે જ કરવાનું છે એ સૌએ વારંવાર દોહરાવ્યું અને સૌના મનમાં ઠસાવ્યું.

સમારંભમાં પધારેલ સહુ મહેમાનોને, વિવિધ ગામોના પ્રમુખોને, સંસ્થાના સક્રિય કાર્યકરોને અને આ સુંદર કાર્યક્રમમાં સહાયભૂત થનાર સહુએ સહાયક ભાઈઓ બહેનોને સ્મૃતિ ભેટ આપી એમનાં કાર્યોને બિરદાવવામાં આવ્યાં.

અધિવેશનના ઉદ્ઘાટક શ્રીમતી વનલતાબેન ભટ્ટે એમના પ્રવચનમાં સચોટ સૌ જ્ઞાતિજનોને સુંદર સૂચનો કર્યા અને સેવાના આ ભગીરથ કાર્યમાં વધુ ને વધુ સહાયભૂત થવા અપીલ કરી. સૌને એમને કહ્યું કે જ્ઞાતિગંગાના આ સતત વહેતા જ રહેતા પ્રવાહમાં તમે જેટલી ડૂબકી વધુ મારશો એટલો વધુ લાભ તમને મળશે એ નિ:શંક છે. કેટલું પામવું અને કેટલું ખોવું એ સમગ્રપણે તમારા પોતાના જ હાથમાં છે માટે આ સહાયભૂત થવાની સરવાણીમાં જેટલા નવાય એટલા નાહી લો એ જ સહુને માટે લાભદાયક છે.

મંચસ્થ બીજા મહેમાનોએ પણ સહુએ આ જ વાતને ફરી ફરી દોહરાવી અને આ સુંદર સામાજિક કાર્યના વધુ ને વધુ અસરકારક અમલ માટે સક્રિયપણે કાર્યરત થવા અપીલ કરી. સભાખંડમાં બેઠેલા સહુ જ્ઞાતિજનોએ પણ સહુ મહેમાનો દ્વારા રજૂ થયેલ વાતોને અને મુદ્દાઓને પ્રસંગોચિત અનુમોદન આપ્યું અને એને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

સમગ્ર બાજખેડાવાળ સમાજના મણિનગર વિધાનસભામાંથી વિધાનસભ્ય તરીકે ચૂંટાયેલ અમુલભાઈ ભટ્ટ તથા તેમના પત્ની હેમાબેન ભટ્ટનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું. અમૂલભાઈ ભટ્ટ તરફથી પ્રસંગોચિત ઉદ્બોધન કરવામાં આવ્યું. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની પ્રવૃત્તિમાં વધુને વધુ વેગ મળે તેવા પ્રયત્નો કરવા સૌ જ્ઞાતિજનોને અપીલ કરવામાં આવી.

સવારના અધિવેશન કાર્યક્રમના અંતિમ ચરણમાં શ્રી પ્રણવભાઈ જોશીએ આજના અધિવેશનના આ મહદ કાર્યક્રમમાં એક યા બીજી રીતે સહાયભૂત થનાર સહુ કોઈનો હાર્દિક આભાર માન્યો અને ભોજનના રસાસ્વાદ માટે સૌ જ્ઞાતિજનોને આમંત્રણ આપ્યું.

અધિવેશનના દ્વિતીય ચરણમાં, જાણીતા કલાકારશ્રી ઈમેન્યુઅલ સોલંકીએ એમની ઓરકેસ્ટ્રા સાથે ફિલ્મ ગીતો, ગુજરાતી ગીતો તેમજ ગરબાથી સૌને પ્રસંન્ન કર્યા. બધા જ જ્ઞાતિજનો, નાનાં મોટાં સહુ કોઈએ બહુ જ આનંદપૂર્વક ઓરકેસ્ટ્રાના સુંદર કાર્યક્રમને માણ્યો.

આવતા વર્ષ નડિયાદ ખાતે મળવાના એક મનોમન દૃઢ સંકલ્પ સાથે સાંજે સહુ સુંદર વિદાયભેટ રૂપે સંભારણું લઈ છુટા પડ્યા.

**સંકલન – શ્રી સમીરભાઈ દવે**

**મંત્રી – શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

## ચાલો..... ચાલો..... ચાલો..... ચાલો..... ચાલો.....

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું આગામી ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૩૧-૧૨-૨૦૨૩ના રોજ ઈપ્કોવાલા હોલ નડીયાદ ખાતે યોજનાર છે. સદરહુ અધિવેશનમાં જ્ઞાતિ સમાજના વધુમાં વધુ ડેલીગેટ્સ હાજર રહે તે આવકાર્ય છે. હોલની કેપેસીટી માત્ર ૧૦૬૦ ડેલીગેટ્સની જ છે. દાતાશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ, ઉદ્‌ઘાટકશ્રીઓને આમાંથી અંદાજિત ૫૦૦ પાસનું વિતરણ થઈ જતું હોય છે. જેથી ૫૫૦ પાસ જ વેચાણ માટે રહેતા હોય છે. તા. ૦૧-૦૪-૨૦૨૩થી તા. ૩૦-૦૪-૨૦૨૩ સુધીમાં પાસની સાથે આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે. નિયત તારીખ બાદ આ ગીફ્ટ મળશે નહીં. આપે ગામના પ્રમુખ પાસેથી પાસ મેળવી લેશો. કદાચ કોઈ ગામના પ્રમુખે પાસ મંગાવ્યા ના હોય તો શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની ઓફિસેથી અથવા શ્રી બાજખેડાવાળ છાત્રાલય વિદ્યાનગરથી મેળવી લેશો.

જ્ઞાતિજનો દ્વારા, જ્ઞાતિજનો માટે બાજખેડાવાળ સમાજની વિધવા ત્યક્તા બહેનો માટે ફંડ એકત્રિત કરવા માટે અલગ અલગ નેજા હેઠળ દાનની સ્વીકારતા હોય છે. આ બધી કુલ રકમોમાંથી ખર્ચ બાદ કરતાં વધેલી રકમ હિતવર્ધક સભાના વિશિષ્ય સહાય ફંડમાં જાય છે. જેના વ્યાજ માત્રમાંથી જ હાલ આપને ૫૫ બહેનોને દરે મહિને રૂ. ૨૦૦૦/- લેખે રૂ. ૧,૧૦,૦૦૦/- માસિક આપીએ છીએ. જે વાર્ષિક રૂ. ૧૩,૨૦,૦૦૦/- થાય છે. ભવિષ્યમાં આ રકમ રૂ. ૨૫૦૦/- સુધી લઈ જવી છે.

પૈસો હોવો, પૈસો સારા માર્ગે વાપરવો એ બહુ અઘરી વાત છે. પરંતુ અમારા વર્ષોના અનુભવ મુજબ જ્ઞાતિજનો ખૂબ જ ઉદાર હાથે દાન આપે છે. જેના કારણે રૂ. ૩૦/- થી શરૂ કરેલી સહાય આજે રૂ. ૨૦૦૦/- પહોંચી છે.

મુખ્ય મહેમાનશ્રી તરીકે રૂ. ૨૧૦૦૦ થી ૨૫૦૦૦, અતિથિ વિશેષ તરીકે રૂ. ૧૧૦૦૦ તથા નીચે મુજબની વિગતથી આપ દાતાશ્રી થઈ શકો છો. દાતાશ્રીની રકમ દરેક સૌજન્ય સાથે દર્શાવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ડાયસનું સૌજન્ય – | રૂ. ૧૧૦૦૦/– | મોમેન્ટોનું સૌજન્ય – | રૂ. ૧૧૦૦૦/– |
| ફોટોકૃતિનું સૌજન્ય – | રૂ. ૦૫૦૦૦/– | ખુરશીનું સૌજન્ય – | રૂ. ૦૫૦૦૦/– |
| માઈકનું સૌજન્ય – | રૂ. ૦૫૦૦૦/– | મીનરલ વોટરનું સૌજન્ય – | રૂ. ૦૫૦૦૦/– |
| ફોટગ્રાફીનું સૌજન્ય | રૂ. ૦૫૦૦૦/– | બેનરનું સૌજન્ય – | રૂ. ૦૫૦૦૦/– |
| ફુલ હારનું સૌજન્ય – | રૂ. ૦૫૦૦૦/– | પાસનું સૌજન્ય – | રૂ. ૦૫૦૦૦/– |
| મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા – | રૂ. ૧૧૦૦૦/– | બપોરની ચાનું સૌજન્ય – | રૂ. ૦૫૦૦૦/– |

બપોરના ભોજનનું સૌજન્ય – રૂ. ૧૧૦૦૦/–

સવારના નાસ્તાનું સૌજન્ય – રૂ. ૧૧૦૦૦/–

સંભારણાનું સૌજન્ય – રૂ. ૧૧૦૦૦/–

આ બધા જ સૌજન્ય માટે પ્રમુખશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે. આ બધા જ સૌજન્યો તથા દાન તા. ૩૧–૦૩–૨૦૨૩ પછી જ સ્વીકારવામાં આવશે. આપના દ્વારા મળેલ દાન, સૌજન્ય, ૮૦જી હેઠળ બાદ મળશે. રકમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની ઓફિસે સીધી મોકલવાની રહેશે.

આપશ્રી નીચે મુજબની વિગતથી રકમ મોકલી શકો છો.

Account Name - Shri Akhil Bhartiya Bajkhedaval Hitwardhak Sabha

Bank Name - Bank of Baroda

Account Number - 71840100007786

IFSC CODE - BARB0DBMANE (Fifth Character is Zero)

પરંતુ આપશ્રીએ આ રકમ જ્યારે RTGS, IMPS, Bank Transfer કરો કે કરાવો ત્યારે આપશ્રીનું પુરૂં નામ, સરનામું અને આપેલ રકમની વિગત સાથે પાન કાર્ડ / આધારકાર્ડ / ઈલેકશન કાર્ડ પૈકી કોઈપણ એક ફોટો આઈ.ડી. પ્રુફની ઝેરોક્ષ સાથે આપવાની રહેશે. જેથી આપ ઈન્કમટેક્ષમાં મજરે લઈ શકો. (પાવતીમાં આ માહિતી આપવી ફરજીયાત છે.)

ઉપરોક્ત તમામ માહિતી વાંચી તેનો અભ્યાસ કરી આ ભગીરથ કાર્યમાં જોડાઈ આપ સૌ ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપી આ જ્ઞાતિગંગા રૂપી યાત્રામાં અચૂક જોડાશો તેવી અપેક્ષા રાખીએ તે અસ્થાને નહીં ગણાય.

સૌ જ્ઞાતિજનોના ભૂતકાળમાં મળેલ સાથ અને સહકાર બદલ અમો આનંદ તથા અહેસાનની લાગણી અનુભવીએ છીએ.

આભાર સહ......

**કિરીટકુમાર એમ. દવે** — **પ્રમુખ**

**સમીરભાઈ એસ. દવે** — **મંત્રી**

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**


## : યુવાનો માટે આકર્ષક ઓફર :

Fincare Small Finance બેન્ક લીમિટેડમાં સેલ્સ મેનેજરની પોસ્ટ માટે આણંદ, નડિયાદ અને વિદ્યાનગર બ્રાન્ચ ખાતે આકર્ષક પગારથી માણસો લેવાના છે. સંપર્ક – ખંજન ડણાંક (મો.) ૭૨૧૧૧૮૮૨૯૧

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા - અમદાવાદ દ્વારા બાજખેડાવાળ પત્રિકાના માધ્યમથી સારા-નરસા પ્રસંગોએ સમાચારો છાપવામાં આવતા હોય છે. રૂ. ૨૫૦૦/- કે તેનાથી વધુની રકમ આપનારાના ફોટા સાથે એક પેજની મર્યાદામાં બાયોડેટા અથવા જીવન ઝરમર છપાય છે. જેનાથી જ્ઞાતિજનોને પોતાના કુટુંબીજનોના નામે રકમ આપી પ્રોત્સાહિત થાય છે. પત્રિકા દ્વારા જન્માક્ષર જે છાપવામાં આવે છે તેમાં નફો કરવાની કોઈ આયોજન હોતું નથી. "બહુજન હિતાય બહુજન સુખાય"ના શુભ આશયથી આ સેવા આપતા હોઈયે છીએ. જ્ઞાતિ ગૌરવ અથવા શુભ-અશુભ સમાચાર માટે પણ જ્ઞાતિજનો દ્વારા શુભેચ્છા રકમ અપાતી હોય છે. જે સરાહનીય છે. સંસ્થાનું બીજું એક અંગ જ્ઞાતિ સમાજની વિધવા-ત્યક્તા બહેનોને વિશિષ્ટ સહાયરૂપે દર મહિને રૂ. ૨૦૦૦/-ની માતબર રકમ આપવામાં આવે છે. જેમાંથી બહેનોના જીવન નિર્વાહ માટે મદદરૂપ થઈ શકાય.

સંસ્થા દ્વારા આ વિશિષ્ટ સહાય ચૂકવવા માટેના નિયમનો બનાવેલા છે. સમય મર્યાદાના કારણે હોદ્દેદારો બદલાઈ જાય છે પરંતુ નિયમો બદલાતા નથી. ગામે ગામના પ્રમુખોને આ વિશિષ્ટ સહાય ફોર્મમાં સહી કરવાની જવાબદારી સોંપાઈ છે પરંતુ કેટલાક ગામોમાં પ્રમુખશ્રીઓ દ્વારા નિયમ જાણતા હોવા છતાં ફોર્મ સહી મોકલી આપવામાં આવતી હોય છે પરંતુ નિયમોને આધીન સંસ્થાના નિયત નિયમોમાં નિયમની બહાર આ રકમ ચૂકવવામાં આવતી નથી. આવા સંજોગોમાં કોઈનું ફોર્મ નામંજૂર થયું હોય તો ક્યાંય કોઈ જગ્યાએ તેઓ સાથે અન્યાય થયો છે કે સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે તેવી લાગણી રાખવી જોઈએ નહીં. સંસ્થા કોઈપણ પ્રકારનો ગજગ્રાહમાં માનતી નથી અને રાખતી નથી. ફક્ત સંસ્થા દ્વારા નક્કી કરાયેલ નિયમો મુજબ આવેલ તમામ ફોર્મની ચકાસણી કરવામાં આવે છે અને જો તે ફોર્મ નિયમ મુજબ હોય તો તાત્કાલીક અસરથી વિધવા - ત્યક્તા બહેનોને જીવન પર્યંત આ રકમ ચૂકવાતી હોય છે. જેથી આટલી સુંદર પ્રવૃતિઓ પર કાંકરીચાળો કર્યા વગર નિયમ મુજબ માહિતી પૂરી પાડી કોઈપણ જ્ઞાતિજન આ લાભ મેળવી શકે છે.

નીચે મુજબની વિગતથી ગામે ગામની બહેનોને રૂ. ૨૦૦૦/- પ્રતિ માસ ચૂકવાય છે.

ઉમરેઠ-૧૬, અમદાવાદ-૧૧, નડિયાદ-૮, વડોદરા-૬, સોજીત્રા-૩, કણજરી-૨, આણંદ-૨, નંદરબાર-૧, સુરત-૧, ડાકોર-૧, મહુધા-૧, સલુણ-૧, મહેળાવ-૧, બાકરોલ-૧, ધર્મજ-૧. કુલ-૫૬ બહેનોને વિશિષ્ટ સહાય ચૂકવાય છે.

**સંસ્થાના ભૂતપૂર્વ હોદ્દેદારશ્રીઓએ એક આગવી સુઝબુઝથી કોઈપણ બહેનનું સ્વમાન ઘવાય નહીં અને તેને તે રકમ નિયમિત રીતે મળતી રહે તેવા આશયથી સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખોની ટીમ બનાવેલ છે. તેમના દ્વારા નિષ્પક્ષ નામ જાહેર કર્યા વગર આ રકમો ચૂકવાતી હોય છે.**

સંસ્થાની શરૂઆતથી આજદીન સુધી સંસ્થાની મર્યાદામાં રહીને જ્ઞાતિજનોના ઉત્કર્ષમાં - વિધવા ત્યક્તા બહેનોના ઉત્કર્ષમાં સંસ્થા કામ કરી રહી છે અને જેના કારણે જ સમગ્ર જ્ઞાતિજનોનો-દાતાશ્રીઓનો અવિરતપણે સહકાર મળી રહેલ છે. ખૂબ જ ટૂંકા સમયમાં આ રકમ વધારી રૂ. ૨૫૦૦/-સુધી લઈ જવાની કાર્યવાહી કાર્યવાહક સમિતી દ્વારા કરવામાં આવી રહી છે.

**કિરીટકુમાર એમ. દવે** — પ્રમુખ

**સમીરભાઈ એસ. દવે** — મંત્રી

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદ

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદ દ્વારા બાજખેડાવાળ જ્ઞાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ ૧૦-૧૨ અને કોલેજમાં ભણતા હોય અને ત્રણ વર્ષ જુના શેર હોલ્ડર (સભાસદ) હોય તેવા વાલીઓના બાળકોને અથવા વિદ્યાર્થી સભાસદ હોય તેવા લોકોને માર્કશીટના માધ્યમથી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. બે વર્ષના કોરોના કાળ દરમ્યાન પરીક્ષાઓ લેવાઈ નહોતી સાથે સાથે કોઈ રકમ ચૂકવાયેલ નહોતી આવા સંજોગોમાં રૂ. ૪,૦૦,૦૦૦/- ઉપર 33%ના સ્લેબમાં ઈન્કમટેક્ષ ભરવાની જવાબદારી આવતી હતી. જેથી ચાલુ સાલે સંસ્થા દ્વારા જે ગામો નોટબુક ચોપડાના પ્રોજેક્ટ કરતા હતા તેવા ગામોને નીચે મુજબની વિગતથી સ્કુલસ્કેપ ચોપડા સહાય પેટે

(૧) આણંદ રૂ. ૬૦,૦૦૦/- (૨) ઉમરેઠ રૂ. ૬૦,૦૦૦/- (૩) નડિયાદ રૂ. ૬૦,૦૦૦/- (૪) વડોદરા રૂ. ૪૦,૦૦૦/-ની વધારાની મદદ આ પ્રોજેક્ટ પેટે આપવામાં આવેલી વધારાની રકમ પેટે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં રૂ. ૧,૭૫,૦૦૦/-ની રકમ આપવામાં આવેલ હતી સાથે સાથે આવેલ માર્કશીટોના આધારે નીચે મુજબની વિગતથી પ્રત્યેક વિદ્યાર્થીદીઠ રૂ. ૨૫૦૦/-ની રકમ માહિતી પૂરી પાડનાર વિદ્યાર્થીઓને ચેકથી ચુકવવામાં આવેલ છે.

| ગામનું નામ | વિદ્યાર્થીઓ | ગામનું નામ | વિદ્યાર્થીઓ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૯ | આણંદ | ૧૨ |
| નડિયાદ | ૦૯ | સોજીત્રા | ૦૪ |
| મહેમદાવાદ | ૦૩ | ઉમરેઠ | ૦૨ |
| ગોધરા | ૦૨ | સુરત | ૦૧ |
| વડોદરા | ૦૧ | ડાકોર | ૦૧ |

સંસ્થાના નીયમ મુજબ આ બધી વસ્તુઓ સભાસદના બાળકો પુરતી મર્યાદિત હોય છે. આ વસ્તુની જાણ વર્ષોપર્યંતથી કરવામાં આવેલ છે આમ છતાં સભાસદ ના હોય, સમયમર્યાદા બહાર અરજી આવી હોય, ભણતર પૂરું થઈ ગયું હોય અને અરજી આવી હોય, વિદ્યાર્થી નપાસ થયેલ હોય અને અરજી આવી હોય તેવા સંજોગોમાં અરજીઓ નામંજૂર થતી હોય છે. અરજી મંજૂર કરવી કે ના કરવી તેના અબાધીત અધિકાર સંસ્થાના છે. જેની સૌ જ્ઞાતિજનોએ નોંધ લેવી આપશ્રીઓને આ લાભ જોઈતા હોય તો નિયત ફોર્મ ભરી, નિયત રકમ ભરી આપ સૌ આ લાભ લઈ શકો છો.


સાથે સાથે આપ સૌને જણાવતા આનંદ થાય છે કે છેલ્લા ઘણાં વર્ષોથી આપણાં સમાજની વિધવા - ત્યક્તા બહેનો કે જેમની ઉમર ૬૦ વર્ષથી નીચેની હોય તેવી બહેનોના બાળકો સ્કૂલ - કોલેજમાં અભ્યાસ કરતાં હોય તેઓને ટ્યુશન ફી સહાય ખાતે સંસ્થાની આવકની મર્યાદાને ધ્યાનમાં રાખી નીયત ફોર્મ ભર્યાથી, નિયત પુરાવા આપવાથી ટ્યુશન ફીની સહાય અપાય છે જેની આ તબક્કે નોંધ લેશો. ચાલુ સાલે ફોર્મ નંગ ૦૭ રકમ રૂા. ૫૦૦૦૦/- ટ્યુશન ફી ખાતે ચૂકવાયેલ છે.

**પ્રણવભાઈ એસ. જોષી** — **પ્રમુખ**

**સમીરભાઈ એસ. દવે** — **મંત્રી**

**હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧,૦૦,૦૦/-ના દાતા



**પિતાશ્રી સ્વ. પ્રવિણભાઈ કે. દેસાઈ**

**તથા**

**માતાશ્રી સ્વ. કૈલાસબેન પ્રવિણભાઈ દેસાઈ**

દુબઈ સ્થિત દિવ્યાંગભાઈ અરવિંદભાઈ દવે તરફથી વર્ષ ૨૦૦૪ થી નિયમિત રીતે દર વર્ષે રૂ. ૧,૦૦,૦૦૦/- કે તેનાથી વધારાની રકમ સંસ્થાને નિયમિત રીતે વિશિષ્ટ સહાય ફંડમાં આપે છે. ૩૩માં રાષ્ટ્રીય અધિવેશન પ્રસંગે દિવ્યાંગભાઈ દવે પરિવાર તરફથી તેમના ધર્મપત્ની ફાલ્ગુનીબેન દિવ્યાંગભાઈ દવેના પિતાશ્રી સ્વ. પ્રવિણભાઈ કે. દેસાઈ તથા માતાશ્રી સ્વ. કૈલાસબેન પ્રવિણભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ. ૧,૦૦,૦૦૦/-નું માતબર દાન વિશિષ્ટ સહાય પેટે મળેલ છે.

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ**

**વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૫૦૦૦/-ના દાતા**



## Anandiben Kantilal Bhatt

### Anandiben's Beautiful Life

(January 15, 1924 - March 23, 2019)

Anandiben (born Anand Gauri), lovingly known as "Baa" (mother), was born on January 15, 1924 in Sojitra, Gujarat, India as the eldest child to Mohanlal and Jivkor Dolia, and was a loving sister to Ramshankar. Baa experienced adversity at a young age when her father passed away, bringing her to grow up with her maternal family. This shaped Baa to become independent, headstrong and a true leader. Baa was highly intelligent and street-smart, as clearly indicated by her championing state level math tests and local township games & competitions.

At the tender age of 15, Baa was married to (Late) Kantilal Bhatt of Umreth, Gujarat and began the second stage of her life. Over the next 19 years, Baa reared her children Mahendra, Bipin, Shobhana, Ajay, Mukund and Naresh. The Family shifted to Surat, Gujarat where Kantilal became a facilities manager for Nagardas ni wadi (community hall) in the Shahpore area, and lived within the wadi. Though Kantilal's earnings were barely sufficient for the growing family, it was Baa's amazing ability to socialize, be entrepreneurical, and earn side income that helped raise the family out of a low-income situation.

She established herself as the matriarch of the Bhatt family. She prioritized her children's education, though unaffordable, as a means for future growth. Which bore fruit as her children grew up and established good careers and the family's adverse situation began to quickly change for the positive. Baa brought together Bipin and Saroj (of Calgary) in 1975. which was the real beginning of a new phase of properity and eventually bringing the entire Bhatt family to Canada. Bipin and Saroj worked hard to have Kantilal, Anandiben and their youngest son Naresh, immigrate to Calgary in 1978 in 1990, tragedy struck the family when son Mahendra passed away suddenly in India, which was a very difficult time for Baa. From 1991 to 2013. Bipin fulfilled Baa's dream of having her entire family (children + grandchildren and their families) emigrate out of india, bring the family together in Canada and experience success. Tragedy struck in 2001 for Baa when her loving husband Kantilal passed away at the age of 86. Baa's strength and close-knit family allowed her to remain resilient and continue her life journey. Baa spent the last third of her life focused on raising her calgary-based grandchildren, and making sure the sankaars, culture and familial ties of the Bhatt family continued.

Baa was fond of great tasting Indian and Western food, Bollywood, travel, socializing and being a key part of any fun conversation. She will forever be known for her infectious smile, constant happiness (just as the meaning of her name suggests) instant recollection of memories, unbelievable aashirwads that tend to come true, and motherly connections provided to family, friends and everyone she met. Till her passing away, she ramained healthy, sharp-minded and always ready to party.

Baa leaves behind a legacy with 6 children, 6 daughter/son-in-laws 11 grandchildren 7 grandchildren-in-laws 7 great grandchildren, 5 nephews and their respective families, while touching hundreds of other lives.

Let's pray for her soul to each Parmaatmall Aum shanti shanti shantihi.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## ૩૩માં અધિવેશનના અતિથિ વિશેષશ્રી



ડૉ. માણેકલાલ સોમેશ્વર પંડ્યા



પદમાવતીબેન માણેકલાલ પંડ્યા

ઉમરેઠના ડૉ. માણેકલાલ સોમેશ્વર પંડ્યા કે જેમણે પોતાના વ્યવસાય સાથે સતત ૩૫ થી ૪૦ વર્ષ સુધી ૧૯૪૩ થી ૧૯૮૩ સુધી શ્રી તુળજા ભવાની મંદિરમાં મેનેજીંગ ટ્રસ્ટીપદે રહી નિ:સ્વાર્થ ભાવે પ્રમાણિક પણે સેવા કરી સૌના સાથ-સહકારથી ત્રણ માળના શ્રી તુળજામાતાના મંદિર સહિતના મકાનનું નિર્માણકાર્ય કર્યું. જેમના સત્કાર્યની સુવાસ આજે પણ પ્રસરી રહી છે. તેવા ડૉ. માણેકલાલ પંડ્યાના પત્ની પદમાવતીબેન પંડયા કે જે મૂળ મહુધાના શ્રી હરીલાલ હરજીવનદાસ દવેના પુત્રી થાય. જેઓએ પણ શ્રી તુળજા માતાના મંદિરના વિકાસમાં નવરાત્રી મહોત્સવ વિગેરેમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

વિશાળ પરિવારની સાથે કૌટુંબિક એકતાના, સંસ્કારના આજે પણ દર્શન થાય છે. મોટો પુત્ર જીતેન્દ્ર જી.ઈ.બી. ઉકાઈ ધુવારણ વગેરે જગ્યાએ સર્વીસ કરી ૨૦૦૮માં રીટાયર્ડ થઈ ત્રણ પુત્ર સાથે આણંદ સ્થાયી થયેલ છે. બીજો દિકરો અમદાવાદ ઈન્ડીયન ઓવરસીઝ બેંકમાં મેનેજર તરીકે આશ્રમ રોડ, અમદાવાદથી નિવૃત્તિ લઈ અમેરીકા એરલાઈન્સ બે દિકરી અને એક દીકરા સાથે સ્થાયી થયેલ છે. નાનો પુત્ર દેવેન્દ્ર એક પુત્ર અને એક દીકરી સાથે હાલમાં અમેરીકા સ્થાયી થયેલ છે કે જેણે શ્રી ઉમરેઠ બાજખેડાવાળ જ્ઞાતિ સમસ્ત ટ્રસ્ટમાં પ્રમુખ તથા શ્રી તુળજા ભવાની મંદિર ટ્રસ્ટ ઉમરેઠમાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે શ્રી છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળમાં મંત્રી તરીકે તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી, અમદાવાદમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપી છે.બધી જ દીકરીઓ પોતપોતાના પરિવાર સાથે સુખી જીવન વીતાવી રહ્યા છે. માતા-પિતાના સુસંસ્કાર બધા જ બાળકોમાં જોવા મળે છે.

શ્રી સાંઈબાબાના પરમ શિષ્ય અને સાકુરીના મહાન સંતશ્રી ઉપાસનીબાબા મહારાજ અને પ.પૂ. સતી ગોદાવરી માતાજીના ઉમરેઠમાં આગમન સમયે કાકા ડૉ. જેશંકર એમ. પંડ્યાની સાથે શ્રી સંતરામ મંદિરે ઉમરેઠમાં તેમજ વિવિધ જગ્યાએ યજ્ઞ-આઝાદ કરી ઉમરેઠ ગામની ધરાને પાવન કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી દરેક સાધુ-સંતોને મળવાનો-દર્શનનો લ્હાવો પણ પ્રાપ્ત થયો છે અને તેમના આશિષ પણ પ્રાપ્ત થયેલા છે. જેનો સંસ્કાર વારસો દરેક સંતાનોમાં જોવા મળે છે. તેઓના આશિષથી સંપૂર્ણ પંડ્યા પરિવાર સુખી સંપન્ન છે તેમ કહેવું અસ્થાને નથી.

મલાવ-તળાવના ઓવારાનું પુન:બાંધકામ આશરે ૧૯૩૫ થી ૧૯૪૦ દરમ્યાન સોમેશ્વર મોતીરામ પંડ્યાએ તે સમસયના ૫૦૦ રૂા. જેવી પોતાની બચતમાંથી શરૂ કરાવ્યું હતું. જે અધૂરૂં કામ તેમના પુત્ર માણેકલાલ પંડ્યાએ પૂર્ણ કર્યું હતું તથા આજ ઓવારા પાસે આવેલ. શ્રી પૂ. બાલાજી મહારાજની મૂર્તિ ૧૯૩૮માં ચોરી થતાં તે પરત મળી જતાં જ્ઞાતિજનોના સહયોગથી આગેવાની લઈ શ્રી સંતરામ મંદિર પરિસરમાં સમસ્ત બાજખેડાવાળ સમાજને જમાડી શ્રી પૂ. બાલાજી મહારાજની પુન:પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી આમ શ્રી તુળજાભવાની માતાનું મંદિર મકાન તથા મલાવ તળાવના ઓવારાએ જીવતા સ્મારક છે.

અધિવેશનને જબરજસ્ત સફળતા મળે તેવી શુભેચ્છા સહ...

સમગ્ર પંડ્યા પરિવાર

જીતેન્દ્ર, અ.સૌ. હર્ષા, જીજ્ઞેશ, રવિન, રાહુલ
શરદ. અ.સૌ. વર્ષા, કૌશલ, સ્નેહા, શાલિની
દેવેન્દ્ર, અ.સૌ. મનીષા, ધ્રુવેન, દીવ્યા
સુભદ્રાબેન, શ્રીરંગ, જવનીકા સપના
કોકીલાબેન-જવલતા

પદમાવતીબેન માણેકલાલ પંડ્યા
મીનાબેન, પ્રદિપકુમાર, ભાવિની, અવની, આશિષ
રક્ષાબેન, હરીશકુમાર, ખ્યાતિ, શ્રુતિ, ઉર્વી
શોભાબેન, ચિ.કમલેશ, ચિ. હાર્દિક
રીટાબેન, ભરતકુમાર, નૈત્રી
પ્રજ્ઞાબેન. રાકેશકુમાર, અભિષેક

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા વર્ષો વરસ બાળકોના ભણતર માટે ફૂલસ્કેપ ચોપડા બનાવવામાં આવતા હતા. જે ગામે ગામ મોકલતા હતા પરંતુ ચાલુ સાલે **ફક્ત બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના આજીવન સભ્યોના** બાળકો પૂરતા જ ચોપડા બનાવવાનું નક્કી કરેલ છે. તો નીચે મુજબની વિગતથી પૂરેપૂરી માહિતી ભરી મોકલી આપવા યોગ્ય કરશો. સાથે સાથે બધા આજીવન સભ્યોને નિયમિત રીતે સંસ્થાની માહિતી મળતી રહે તેવા શુભ આશયથી વ્હોટસ એપ ગ્રુપ બનાવવાનું નક્કી કરેલ છે તો આપના મોબાઈલ નંબર પણ મોકલી આપશો કદાચ કોઈ આજીવન સભ્યના બાળકો ન હોય તો પણ નીચે મુજબની માહિતી મોકલી આપશો જેથી તમને નીયમિત મેસેજ મળે.

(૧) ગઈ સાલની માર્કશીટ (૨) આજીવન સભ્યના આઈકાર્ડની ઝેરોક્ષ (જેટલા બાળકો હોય તેટલા દરેકની સાથે આઈ કાર્ડની ઝેરોક્ષ મુકવી) (૩) મોબાઈલ નંબર લખવો ફરજીયાત છે નહી તો આ લાભ મળશે નહીં (૪) ધોરણ ૫ થી ઉપરના બાળકોને આ લાભ મળશે. (૫) આ માહિતી મોકલવાની છેલ્લી તા. ૧૦-૦૨-૨૦૨૩ રહેશે ત્યારબાદ ફોર્મ સ્વીકારાશે નહીં. (૬) ટી.વાય. કે પોસ્ટ ગ્રેજ્યુએટનું ભણતર પૂરું થયું હશે તો આ લાભ મળશે નહીં જેની ખાસ નોંધ લઈ માર્કશીટો મોકલશો. (૭) ચોપડા વિતરણની માહિતી વ્હોટસ એપ પર તથા બાજખેડાવાળ પત્રિકામાં આપવામાં આવશે જેની નોંધ લેશો. (૮) પૂરેપુરી માહિતી ૨ વખત વાંચશો જેથી ફોન કરવાની જરૂર પડશે નહીં. (૯) પ્રત્યેક વિદ્યાર્થી દીઠ ૨ ડઝન ચોપડા આપવામાં આવશે.

અમારા તરફથી આપને એક નમ્ર વિનંતી કોરોનાના નવા વેરીયન્ટો આવતા રહે છે (૧) માસ્ક પહેરો (૨) ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળો (૩) સેનેટાઈઝરનો ઉપયોગ કરો (૪) નિયમિત રીતે હાથ ધોવાના રાખો (૫) વેક્સીનેશનના ડોઝ તથા બુસ્ટર ડોઝ બાકી હોય તો તત્કાલીક અસરથી પૂરા કરો. કોરોનાએ સૌને જણાવી દીધુ છે કે "કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે, સ્વાર્થ વિના પ્રિતી કોઈ કરતું નથી રે" જેથી પોતાની જાતને, કુટુંબીજનોને, સગાં-વહાલાને, મિત્ર મંડળને આ સુચનોથી માહિતગાર કરી સમગ્ર સમાજને મદદરૂપ થાવ.

**કિરીટકુમાર એમ. દવે** — **પ્રમુખ**

**પ્રણવકુમાર જોષી** — **મંત્રી**

**સર્વ કારોબારી સભ્યશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના સૌજન્યથી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાનું ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન, સરદાર પટેલ બેન્કવેટ હોલ, આણંદ ખાતે અંદાજિત ૧૨૦૦ જ્ઞાતિજનોની હાજરીમાં યોજાઈ ગયું. અધિવેશનનો અહેવાલ આગળ આપવામાં આવેલ છે. જેથી અહેવાલ અંગે આમાં કોઈ માહિતી આપવાની રહેતી નથી. પરંતુ અધિવેશનને સફળ બનાવવા માટે આ તબક્કે ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ દાતાશ્રીઓ, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના કારોબારી સભ્યશ્રીઓ, શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના કારોબારી સભ્યશ્રીઓ, હાજર રહેલા સૌ જ્ઞાતિજનોનો તથા આ અધિવેશનને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌનો શ્રી બાજખેડાવાળ મંડળ-આણંદ અંતઃકરણપૂર્વક આભાર માને છે અને અહેસાનની લાગણી અનુભવે છે.

આ ૩૩માં અધિવેશનમાં અંદાજિત રૂ. ૪,૮૫,૦૦૦/- રૂપિયા જેવી માતબર રકમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં સીધી જમા કરાવવામાં આવેલ છે. આ રકમ આવકમાંથી ખર્ચ બાદ કરતાં વધેલી રકમના ૫૦% જેટલી રકમ થાય છે.

આ તબક્કે બાજખેડાવાળ મંડળ આણંદ ઉપર શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા અધિવેશન યોજવા અંગેનો મુકેલ વિશ્વાસ બદલ પણ અમો આભારી છીએ.

**કિરીટકુમાર દવે** — **ફાલ્ગુન ઠાકર**
**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**
**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

---

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચેન્નાઈ-૬૦૦૦૦૩

શ્રી ગુજરાતીબાજખેડાવાળ જ્ઞાતિ સમાજ - ચૈન્નઈના આશ્રયે તા. ૨૦-૧૧-૨૨ના રોજ સમાજના ભવનમાં જ્ઞાતિના વયસ્ક વડીલ સન્માન સમારંભનું આયોજન પ્રાર્થના હોલમાં રાખવામાં આવેલ. કુલ ૧૧૮ વડીલોએ (૭૦ વર્ષથી વધુ) નામો રજીસ્ટર કરાવેલ અને ૯૦ થી વધુ વડીલો ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ વડીલ દંપતિઓ, બાદ વડીલ બહેનો અને ત્યારબાદ વડીલ ભાઈઓનું કમિટીના સભ્યો, ટ્રસ્ટીઓ તથા સહયોગી સંસ્થાઓના હોદ્દેદારો દ્વારા હાર-શાલ તથા સ્મૃતિભેટ અર્પણ કરી સન્માન કર્યું હતું. તે પહેલાં તે દરેક વડીલ ભાઈ-બહેનો માટે દીર્ઘાયુ આયુષ્ય પૂજનવિધી કરવામાં આવેલ. પ્રમુખશ્રી બીજલભાઈ ડોળીયાએ સુંદર શબ્દપુષ્પો દ્વારા સૌ વડીલોનું વંદન સહ સ્વાગત કરેલ. સમાજના ઈતિહાસમાં લગભગ પહેલી વાર આટલી બહોળી સંખ્યામાં વડીલ ભાઈ-બહેનોને સન્માન સમારંભ કાર્યક્રમ કદાચ યોજાયો હતો. ઉપસ્થિત સર્વે સન્માનિત વડીલોએ હર્ષની લાગણી અનુભવી હતી. કાર્યક્રમનું સંચાલન તથા આભાર દર્શન શ્રીમતી બિન્દુબેન દિનકર ડોળીયા સાથે સમાજના કોષાધ્યક્ષશ્રી પ્રકાશભાઈ આર. દવેએ સફળતાપૂર્વક કરેલ.

તા. ૪–૧૨–૨૨ના રોજ નિ:શુલ્ક રીતે સામુહિક નવચંડી હવનનું આયોજન પણ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયેલ. નવચંડી યજ્ઞ બે હવનકુંડ રાખવામાં આવેલ દરેકમાં નવ બ્રાહ્મણો દ્વારા આહુતિ અર્પણ કરવામાં આવેલ. બપોરે ફરાળ અને સાંજે મહાપ્રસાદીની વ્યવસ્થા સમસ્ત જ્ઞાતિજનો માટે કરી હતી. આ હવનમાં ભાગ લેવા સમાજના જેઓ જાતે નવચંડી હવન આયોજન કરવા અસમર્થ હોય તેઓને પસંદ કરી લાભ આપ્યો હતો.

આગામી કાર્યક્રમમાં સમાજના ભવનમાં સ્થાપિત દેવોનો પાટોત્સવ તા. ૨૬–૧–૨૩ના વસંતપંચમીના દિવસે રાખેલ છે. સમાજની વાર્ષિક સાધારણ સભા તા. ૨૨–૧–૨૩ના રોજ આયોજીત છે. ટૂંક સમયમાં સમાજનું વસ્તીપત્રક બહાર પાડવામાં આવશે.

**બીજલ બી. ડોળીયા** — **પ્રમુખશ્રી**

**દિનેશ જે. ઠાકર/મનોજ વી. શુકલ** — **મંત્રીશ્રીઓ**

## શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

શ્રી રામનાથ મહાદેવ, ઠે. અંબા માતાના મંદિર પાસે, ચારકુવાની ભાગોળ,

સોજીત્રા–૩૮૭૨૪૦, જિ. આણંદ (ગુજરાત) (મો.) ૯૯૨૫૦૮૨૨૨૮, ૯૮૭૯૫૩૩૪૮૨

### શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજનું ઈનામ વિતરણ તથા સમસ્ત બ્રહ્મસમાજ પ્રીતીભોજન

પરમ કૃપાળુ રામનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રી બાજખેડાવાળ સમાજમાં તેજસ્વી તારલાઓનું સન્માન (ઈનામ વિતરણ) કાર્યક્રમ તા. ૧૮–૧૨–૨૦૨૨ને રવિવારે સવારે સમાજ ભવનમાં યોજાયો હતો. જે તે કાર્યક્રમમાં યુ.એસ.એ.થી ગીરીશભાઈ ઉમીયાશંકર દવે (લક્ષ્મીબા ચેરીટેબલ ટ્રસ્ટ) તથા અમદાવાદથી શ્રી ચંદ્રકાન્તભાઈ પી. દવે (લક્ષ્મીબા ચેરીટેબલ ટ્રસ્ટ) તેમજ ડૉ. દિવ્યાબેન ગીરીશભાઈ દવે (એમ.એસ. કેન્સર સ્પેશીયાલીસ્ટ – યુ.એસ.એ.) નડીયાદથી ડૉ. રક્ષેશભાઈ કે. દવે ચેન્નઈથી શ્રી કિરણભાઈ સી. પંડ્યા–સોજીત્રા સ્થિત સંતરામ મંદિરના પૂ. મહંતશ્રી હરીકૃષ્ણદાસ મહારાજ અને યોગેશભાઈ વી. શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં સમાજની બાલિકાઓ દ્વારા પ્રાર્થનાગીત અને મહેમાનશ્રીઓ દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યો હતો. સમાજનાં કુલ ૩૪ વિદ્યાર્થીઓને ઈનામો આપી બિરદાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ડૉ. રક્ષેશભાઈ, શ્રી ગીરીશભાઈ, શ્રી દિવ્યાબેન, શ્રી ચંદ્રકાન્તભાઈ દવે સાહેબે પ્રવચનના ભાગ રૂપે શીખ આપી હતી. ચીવટથી અભ્યાસ કરી સમાજનું તથા માતા–પિતાનું નામ રોશન કરવાનું જણાવ્યું હતું.

આવેલ મહેમાનોએ દાનની ગંગા વહેવડાવી હતી. જેમાં (૧) શ્રી યોગેશભાઈ વી. શાહ રૂ. ૨૫૦૦/– (૨) ડૉ. રક્ષેશભાઈ કે. દવે રૂ. ૫૦૦/– (૩) સનતકુમાર કૃષ્ણરામ ડોળીયા રૂ. ૧૦૦૦/– (૪) શ્રી કિરણભાઈ સી. પંડ્યા (ચેન્નઈ) રૂ. ૫૦૦૦/– (૫) મહેન્દ્રભાઈ ત્રંબકલાલ પંડ્યા રૂ. ૫૦૧/– (૬) મીનાબેન ગીરીશભાઈ દવે (યુ.એસ.એ.) રૂ. ૧૦૦૦૦/– (૭) અમીતભાઈ ત્રિવેદી રૂ. ૫૦૦/– (૮) લક્ષ્મીબા ચેરીટેબલ ટ્રસ્ટ – ચંદ્રકાન્તભાઈ પી. દવે રૂ. ૧૧૦૦૦/– (૯) મંજુલાબેન ઘનશ્યામભાઈ દવે (ચેન્નઈ) રૂ. ૫૦૦૧/– (૧૦) અમરીશભાઈ હરીવદનભાઈ દવે (ચેન્નઈ) રૂ. ૧૦૦૦/– (૧૧) શ્રી જશભાઈ પટેલ (યુ.એસ.એ.) હસ્તે શ્રી ગીરીભાઈ રૂ. ૫૦૦૦/–

એમ આ પ્રમાણે મહેમાનો એ ખુબ જ ઉદાર હાથે યોગદાન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે સમાજ પ્રમુખશ્રી હરેશકુમાર દવે એ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે નિષ્ઠાથી અને ખંતથી આગળ વધી માતા-પિતાનું તથા સમાજમાં નામ-રોશન કરવાની હિમાયત કરી હતી અને સમાજના તમામ જ્ઞાતિજનો સર્વાંગી વિકાસ થાય તેવું સૂચન કર્યું હતું.

સમસ્ત બાજખેડાવાળ સમાજ તથા સમસ્ત બ્રહ્મસમાજને કાર્યક્રમનાં અંતે સ્વરૂચિ ભોજન શ્રી ગીરીશભાઈ યુ. દવે (યુ.એસ.એ.) સાહેબે કરાવ્યું હતું.

સમાજના મંત્રીશ્રી સંદિપભાઈ પી. ઠાકરે - આભારવિધી કરી હતી. મહેમાનો તથા જ્ઞાતિજનોનો સવિશેષ આભાર માન્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે જે-તે કમિટી સભ્યોશ્રી સહકાર આપ્યો હતો. તે બધા જ કમિટી સભ્યોશ્રીનો આભાર માની. કાર્યક્રમને વિરામ આપ્યો હતો.

**હરેશકુમાર એમ. દવે** — **પ્રમુખશ્રી**

**શ્રી સંદિપકુમાર પી. ઠાકર** — **મંત્રીશ્રી**

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ યુવા પરિષદ

ચિતરી, જિલ્લા ડુંગરપુર, રાજસ્થાન, ચીતરી

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ યુવા પરિષદ ચીતરી અને શ્રી બાજખેડાવાળ યુવા પરિષદ નાદિયાના સંયુક્ત સહયોગમાં ચતુર્થ સંસ્કરણના વાર્ષિક ક્રીડા પ્રતિયોગીતાનું આયોજન ડૉ. નરહરિ, વરિષ્ઠ શ્રી લાભશંકર જોશી, પ્રકાશ જોશી, ભુપેન્દ્ર જોશી, સુનિલ જોશીના અતિથિ વિશેષની ઉપસ્થિતમાં કરવામાં આવ્યું. બાજખેડાવાળ પ્રીમિયર લીગ ક્રિકેટ પ્રતિયોગીતામાં ચાર પ્રાયોજક શ્રી પંકજ ભટ્ટની ભટીન્ડા એક્સપ્રેસ, શ્રી ગજેન્દ્ર દવેની ટાર્ગેટ ટાઈટન્સ, શ્રી ભાવેશ જોશીની સી.જી. વોરિયર્સ, શ્રી હિતેશ દ વેની ચરક ફાઈટર્સની ચાર ટીમોના રોમાંચક મુકાબલામાં ભટિન્ડા એક્સપ્રેસ વિજેતા અને ટાર્ગેટ ટાઈટન્સ ઉપવિજેતા રહ્યા. પ્રતિયોગીતાના બેસ્ટ બોલર ધ્યાન ઠાકર, બેસ્ટ બેટ્સમેન મયંક દવે અને મેન ઓફ સીરિજ જય જોશી રહ્યા. પ્રતિયોગીતામાં ઓનલાઈન તરીકે ૫૬ ખિલાડીયોનું પંજિયન થયેલું પ્રતિયોગીતાના સમાપન સમારોહ કાર્યક્રમમાં જલજ, વિનોદ જોશી, વીપીન જોશી, ભરત જોશી, ભરત, હર્ષદ ઠાકર, ક્રાતિન ઠાકર, ચિંતન દવે, જય પંડ્યા, કેયુર પંડ્યા, ચયનેશ પંડ્યા, હિમેશ, પાર્થ ઉત્પલ ગૌરવ, જનહિત શ્રુત ઠાકર સહિત બાજખેડાવાળ સમાજના ચિતરી, નાદિયા, આંજણા, ખેડાસા, સાગવાડાં, ઉદયપુરના યુવાન, માતૃશક્તિ અને સ્વજન ઉપસ્થિત હતા.

## સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ

શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમસ્ત ટ્રસ્ટ તથા સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ આયોજીત સન્માન સમારંભ તથા ઈનામ વિતરણ સમારંભ

શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમસ્ત ટ્રસ્ટ તથા સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ દ્વારા તા. ૮-૧-૨૦૨૩ને રવિવારના રોજ બાજખેડાવાળ હોલમાં મણિનગર વિધાનસભા મત વિસ્તારમાંથી ચુંટાયેલ ધારાસભ્ય શ્રી અમુલ ભટ્ટ (મુળ વતની ઉમરેઠ)નો સન્માન સમારંભ તથા હિરક મહોત્સવ રાખવામાં આવેલ. તદ્ઉપરાંત રમતગમત ક્ષેત્રે તેમજ શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ સમારંભ રાખવામાં આવેલ.

ઉપરોક્ત સમારંભમાં શ્રી બળવંતરાય હરિપ્રસાદ દવે, પ્રમુખ તરીકે પધારવાના હતા. પરંતુ સંજોગોવશાત તે ન આવી શકતાં શ્રી સુભાષચંદ્ર શેલતને પ્રમુખ તરીકે નીમવામાં આવેલ. મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ, અતિથિ વિશેષ તરીકે શ્રીમતી હર્ષાબેન કુમુદચંદ્ર શેલત તથા આમંત્રિત મહેમાન તરીકે મ્યુ. કાઉન્સીલર શ્રીમતી નીલાબેન સુરેશભાઈ જોષી તથા શ્રીમતી હેમાલીબેન શ્રેણિકભાઈ શુક્લ હાજર રહેલ.

આ ઉપરાંત જ્ઞાતિના એન.આર.આઈ. ભાઈ-બહેનો શ્રી મહેશભાઈ ભટ્ટ, શ્રી કૌશિકભાઈ બી. દવે (રહેવાસી - યુ.એસ.એ.), ડૉ. ભરતભાઈ ભટ્ટ (રહેવાસી - નૈરોબી), અંજુબેન શેલત તથા તરંગભાઈ શેલત (રહેવાસી - યુ.કે.) પણ પધારેલ.

સમારંભની શરૂઆતમાં પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય કર્યા બાદ કેળવણી મંડળના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ જોષીએ સ્વાગત પ્રવચન કરેલ. તેઓએ જણાવેલ કે કોરોનાના બે વર્ષ પછી જ્ઞાતિના બે મંડળો એક સાથે મળી જ્ઞાતિના સુપુત શ્રી અમુલભાઈ ભટ્ટ, ધારાસભ્યશ્રીનું સન્માન કરવાનો કાર્યક્રમ રાખેલ છે એટલે આજનો સમારંભ ખુબ જ આનંદમય અને ઉત્સાહ પ્રેરક છે. તેમણે વધુમાં જ્ઞાતિના જે એન.આર.આઈ. ભાઈ-બહેનો હાજર હતા, તેમને કેળવણી મંડળના પવિત્ર કાર્યમાં માતબર રકમનો ફાળો આપી મદદ કરવા વિનંતી કરેલ.

જ્ઞાતિ સમસ્ત ટ્રસ્ટના પ્રમુખશ્રી અજીતભાઈ દવે, કેળવણી મંડળના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ જોષી તથા વારાહી માતાના ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ જોષીએ ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરેલ. ત્યારબાદ અન્ય મંચસ્થ મહાનુભાવોનું સન્માન પણ પુષ્પગુચ્છ આપી, શાલ ઓઢાડી કરવામાં આવેલ.

જ્ઞાતિના એન.આર.આઈ. સભ્યોએ પણ તેમના પ્રવચનમાં પોતે પરદેશમાં જ્ઞાતિ માટે શું કામગીરી કરે છે, તે જણાવેલ અને સાથે સાથે ભારતમાં રહેતા જ્ઞાતિબંધુઓને જરૂર પડે તમામ મદદ કરવાની તૈયારી બતાવેલ.

મંચસ્થ મહાનુભાવો દ્વારા ૬૫% થી વધુ ગુણ મેળવનાર પાંચ થી બાર ધોરણના ૩૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને તથા રમોત્સવમાં પ્રથમ અને દ્વિતીય આવેલ તેવા ૪૬ બાળકો તથા યુવાનોને ઈનામ વિતરણ કરેલ. ઉપરાંત ત્રણ વડીલ ભાઈઓનું સન્માન કરવાની પણ જાહેરાત કરેલ. જ્ઞાતિ સમસ્ત ટ્રસ્ટ ઉમરેઠ તરફથી આર્થિક રીતે પછાત તેવી ઉમરેઠમાં રહેતી બે બહેનોને દરેકને રૂા. ૧૦૦૦/-ની રકમ આપવામાં આવેલ. ભવિષ્યમાં આવી વધુ વ્યક્તિને મદદ કરવામાં આવશે.

ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટે તેમના સન્માનના પ્રત્યુતરમાં જણાવેલ કે તેઓ જ્ઞાતિના અદના સેવક છે અને તેઓનું સન્માન કરી જ્ઞાતિએ તેમની પ્રતિષ્ઠા વધારી છે. જ્ઞાતિજનોને કોઈ પણ કામ હોય તો તેઓ તેમને મદદ કરવા હંમેશા તત્પર રહેશે, એવી ખાત્રી આપેલ.

છેલ્લે શ્રી સુભાષભાઈ શેલતે પોતાના પ્રવચનમાં જણાવેલ કે આજનો આ સમારંભ ખુબ જ મહત્વનો છે કેમ કે જ્ઞાતિના ઘણા એન.આર.આઈ. ભાઈ-બહેનો આજે હાજર રહી તેમણે બાજખેડાવાળ જ્ઞાતિને મદદ કરવાની ખાત્રી આપી છે. વધુમાં ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટે હાજર રહીને જ્ઞાતિજનોને મદદ કરવાની ખાત્રી આપી ઉત્સાહમાં વધારો કરેલ છે.

જ્ઞાતિના વરિષ્ઠ અને પ્રતિષ્ઠિત વ્યક્તિ શ્રી ભીખુભાઈ દવેના અવસાન બદલ સૌ જ્ઞાતિજનોએ બે મિનિટ મૌન રાખી તેમને શ્રદ્ધાંજલિ આપેલ.

અંતે, આભારવિધિમાં હાજર રહેલ તમામ મહાનુભાવોનો, આમંત્રિતોનો તથા સર્વે સ્પર્ધકો અને હાજર રહેલ જ્ઞાતિજનોનો પ્રમુખ શ્રી અજીતભાઈ દવેએ આભાર માનેલ. છેલ્લે, રાષ્ટ્રગીત ગાઈ સમારંભની પુર્ણાહૂતિ કરેલ. વધુમાં નીચે જણાવેલ સર્વે દાતાઓનો પણ કેળવણી મંડળ

તરફથી અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. આ પ્રસંગે કેળવણી મંડળના કારોબારીના તમામ સભ્યોએ સમારંભને સફળ બનાવવા જે મહેનત કરી છે, એ બદલ તેમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

પ્રમુખશ્રી અજીતભાઈ દવે તરફથી ભોજન સમારંભ રાખવામાં આવેલ અને તેમાં સ્વાદિષ્ટ ભોજનમાં ઉમરેઠની પ્રખ્યાત વાનગી ધનુર્માસની ખીચડી તથા લાડુનું આયોજન કરવામાં આવેલ. તે બદલ તેમનો ખાસ આભાર માનવામાં આવે છે.

દાતાઓ (૧) શ્રીમતી હર્ષાબેન કુમુદચંદ્ર શેલત રૂ. ૨૦,૦૦૦/– (૨) શ્રી સદ્‌ગૃહસ્થ તરફથી રૂ. ૨૫૦૦/– (૩) શ્રીમતી નીલાબેન સુરેશભાઈ જોષી રૂ. ૫૦૧/– (૪) શ્રીમતી હેમાલીબેન શ્રેણિકભાઈ શુકલ રૂ. ૫૦૧/– (૫) શ્રી અરૂણકુમાર એન. દવે રૂ. ૫૦૦/– (૬) અન્ય જ્ઞાતિજનો રૂ. ૭૫૨/–

આ સમારંભના અંતે ત્રણસોથી વધુ જ્ઞાતિજનોએ મિષ્ઠાન સાથેનું સ્વાદિષ્ટ ભોજન લઈ સૌ છુટા પડેલ. આ સંસ્થા કેળવણી સંસ્થા હોઈ વધુમાં વધુ દાતાઓ દાન આપે તેવી વિનંતી છે. આ અંગે ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઈ પી. દવે ભાટવાડા, ઉમરેઠ–૩૮૮૨૨૦ ફોન – ૦૨૬૯૨–૨૭૬૯૦૩ (મો.) ૯૪૨૭૮૫૩૧૨૦ને ક્રોસ એકાઉન્ટ પેઈ ચેક મોકલી આપવા વિનંતી છે. જરૂર જણાય તેમનો રૂબરૂ સંપર્ક પણ થઈ શકશે.

જીતેન્દ્ર જોષી – પ્રમુખ

---

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

### કોલેજ ફી સહાય

જે વિદ્યાર્થીઓએ કોલેજ ફી સહાયના ફોર્મ સંસ્થામાં ભરેલ છે તેમને તેમના એકાઉન્ટમાં ૨૮–૧–૨૦૨૩ પછી જમા આપવામાં આવનાર છે. તો વિદ્યાર્થીઓએ પોતાના એકાઉન્ટ ઉપરોક્ત તારીખ બાદ તપાસ કરી લેવી તેમજ કોઈના એકાઉન્ટમાં ટેકનીકલ કારણોસર જમા ન થયા હોય તે વિદ્યાર્થીઓએ સંસ્થાના કાર્યાલયમાં તપાસ કરવી.

### જ્ઞાતિ ગૌરવ

આપણી સંસ્થાના ટ્રસ્ટીશ્રી અમુલભાઈ બી. ભટ્ટને મણીનગર વિધાનસભા વિસ્તારની ભારતીય જનતા પાર્ટીમાંથી ઉમેદવારી કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ હતુ અને તેઓ ગત ચુંટણીમાં જંગી બહુમતીથી ચુંટાઈ આવ્યા છે. તેઓનો પ્રચારકાર્યમાં જે જે જ્ઞાતિજનોએ ભાગ લઈ શ્રી અમુલભાઈ ભટ્ટને જીતાડવામાં મદદરૂપ થયા છે. તેઓના સંસ્થા ખૂબ ખૂબ આભાર માને છે. સમગ્ર જ્ઞાતિ સમાજે તેમને જીતાડવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા અને જંગી બહુમતી અપાવવા પ્રયાસ કર્યો હતો અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું હતું. આમ શ્રી અમુલભાઈ બી. ભટ્ટ ૯૨૦૦૦ જેટલી મતોની સરસાઈથી વિધાનસભામાં પ્રવેશ મેળવ્યો છે. તે બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ માટે ગૌરવની વાત છે. શ્રી અમુલભાઈ ભટ્ટ અગાઉ મ્યુ. કોર્પોરેશન અમદાવાદમાં મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટિ કે જે સમગ્ર અમદાવાદના વિકાસ માટેની કામગીરી કરે છે તેવી પ્રથમ કહી શકાય તેવી સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન પણ રહી ચૂક્યા છે અને ચેરમેન પદે રહી સુંદર કામગીરી બજાવી ચૂક્યા છે. આપણી સંસ્થામાં પણ તેઓ મંત્રી તરીકે સેવાઓ આપી ચુક્યા છે. તેમજ હાલમાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે. આવા સામાજીક કામો માટે સર્જાયેલ શ્રી અમુલભાઈ ભટ્ટને સમગ્ર જ્ઞાતિ સમાજ તેમજ જ્ઞાતિની તમામ સંસ્થાઓ વતી તેમજ શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ વતી ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

**એજ્યુકેશન સહાય યોજના**

(૧) ૬૦૦૦૧/- સ્વ.શ્રી બાબુભાઈ સોમેશ્વર ભટ્ટ, સ્વ. શ્રી બકુલાબેન બાબુભાઈ ભટ્ટ, સ્વ. શ્રી ભાનુબેન અંબાલાલ પંડ્યા, સ્વ. શ્રી નરેન્દ્રભાઈ પ્રભાશંકર ભટ્ટ, સ્વ. શ્રી સુવર્ણાબેન નરેન્દ્રભાઈ ભટ્ટના સ્મરણાર્થે, હસ્તે શ્રી અતુલકુમાર બાબુભાઈ ભટ્ટ (૨) ૨૫૦૦૦/- ડૉ. શ્રી વિમલ નિરંજનભાઈ પંડ્યા, સ્વ. નિરંજન મણીલાલ પંડ્યા તથા સ્વ.ઉર્મિલાબેન નિરંજન પંડ્યા

**મેડીકલ સહાય યોજના**

(૧) ૨૫૦૦૦/- ડૉ. શ્રી રમેશભાઈ મનુભાઈ દવે

**અન્નપૂર્ણા સહાય યોજના**

(૧) ૧૦૧૦૦૦/- સ્વ.શ્રી સુભાષભાઈ અંબાલાલ દવેના સ્મરણાર્થે હસ્તે શ્રી સમીર સુભાષચંદ્ર દવે (૨) ૧૧૦૦૦/- શ્રી જતિનભાઈ ભટ્ટ (3) ૧૧૦૦/- શ્રી પરેશભાઈ ભટ્ટ

**કમલેશ જે. ભટ્ટ** — **હેતલકુમાર બી. ભટ્ટ/રાજેષભાઈ બી. ત્રિવેદી**

**પ્રમુખ** — **મંત્રી**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ - શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન - ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**અન્નપૂર્ણા સહાય યોજના**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ઉમરેઠ-ડાકોર સ્થિત જ્ઞાતિના જરૂરીયાતમંદ ભાઈ-બહેનોને દર ત્રણ માસે ત્રણ માસ ચાલે તેટલી અનાજ સામગ્રી તદ્ઉપરાંત ધાબળા, ચોરસા, નવા વસ્રો, રોકડ રકમ, વાર-તહેવાર મુજબની વસ્તુઓ તથા મિઠાઈ-ફરસાણ સમયાંતરે પહોંચતું કરવામાં આવે છે. આ માટે અમારી સંસ્થાને જ્ઞાતિના ઉદાર-દાતાશ્રીઓ તરફથી સતત દાન- ફંડ મળતું રહ્યું છે. અમો આ સર્વે દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ મહિને એમની યાદી નીચે મુજબ છે.

(૧) ડૉ. શિવમ વિજયભાઈ પંડ્યા રૂ. ૧૦૦૦૦/- (૨) ડૉ. સતિષભાઈ સોમેશ્વર ભટ્ટ (તલોદ, યુ.એસ.એ.) રૂ. ૫૦૦૦૦/- (3) ડૉ. ભરતભાઈ રવિશંકર ભટ્ટ (આફ્રીકા) રૂ. ૧૦૦૦૦૦/- (૪) શ્રી ભગવતભાઈ શંકરપ્રસાદ ત્રિવેદીના હસ્તેશ્રી હેતલ ભગવતભાઈ ત્રિવેદી તરફથી રૂ. ૫૦૦૦/- (૫) શ્રી ક્ષમાબેન અરવિંદભાઈ પંડ્યા (યુ.એસ.એ.) રૂ. ૮૨૦૦/- (૬) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૧૦૦૦૦/- (૭) શ્રી જ્યોતિબેન અમિતભાઈ ત્રિવેદી રૂ. ૫૦૦૦/-

**આગામી કાર્યક્રમો**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા (૧) તા. ૫-૨-૨૦૨૩ને રવિવારના રોજ પીકનીકનું આયોજન કરવામાં આવેલ છે. (3) આગામી જૂન માસમાં ડાન્સ કોમ્પીટીશન (3) તા. ૧-૬-૨૦૨૩ થી ૧૦-૬-૨૦૨૩ સુધી ડૉ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ યોજના અંતર્ગત ધો. ૧ થી ૧૨ની પાસ થયેલી દીકરીઓને સરકાર માન્ય પુસ્તકોની કિંમત મુજબ રોકડ રકમ આપવામાં આવશે. માર્કસશીટની ઝેરોક્ષ કોપી પાછળ નામ-સરનામું, ટે.નંબર લખીને લઈને જવું અને રકમ મેળવી લેવી. અન્ય કોઈ પણ માહિતી મેળવવા માટે ઉપરોક્ત મોબાઈલ નંબર પર ફોન કરી સંપર્ક કરવો. (૪) આગામી મે મહિનામાં મહિલાઓને લગતા સેમીનારનું આયોજન કરવામાં આવશે. (૫) સંસ્થા દ્વારા વટસાવિત્રી વ્રત ઉદ્યાપન ઉજવવામાં આવશે.

**મંત્રીશ્રી** — **પ્રમુખ**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **દર્શનાબેન એ. ભટ્ટ**

## જ્ઞાતિ સમાજને ગેરમાર્ગે દોરતો મૃતક વ્યક્તિના નામે મોકલેલ કાયરતા પુર્ણ પત્ર...

આગામી બાજખેડાવાળ સમાજના અધિવેશન જોગ :

અખિલ ભારતી બાજખેડાવાળ હિતવર્ધક સભાનું અધિવેશન ૨૫–૧૨–૨૨ના છે, અધિવેશન આણંદ મ્યુનિસિપાલિટીના બેન્કવેટ હોલમાં ભરવાનું છે આમ છતાં

બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર હોસ્ટેલ તરફથી

૧૨૫૦૦૦ (એક લાખ પચીસ હજાર)

બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી અમદાવાદ તરફથી

જે સમાજના વિવિધ શહેરો અને ગામો તરફથી વિદ્યાર્થીઓના ઉચ્ચ ભણતરમાં સહાયરૂપ થવા માટે આપેલ રકમમાંથી

૧૭૫૦૦૦.૦૦ (એક લાખ પંચોતેર હજાર)

એટલે કે ૩ લાખ ત્રણ લાખ જેટલી મોટી રકમ

મામા–ભાણેજ જમાઈ એ ભેગા મળી ઉપરની બંને સંસ્થાઓને તોડી પાડવાના બદ ઈરાદા સાથે અખિલ ભારતીય હિતવર્ધક સભાને આપીને

આણંદ બાજખેડાવાળ મંડળને ઈન ડાયરેક્ટ આપવાની મોટી ગેમ પ્લાનિંગ સાથે આગળ વધી રહ્યા છે. આ રકમ મંડપના સૌજન્ય પેટે આપવામાં આવી છે જ્યાં કોઈ મંડપ બાંધવાનો નથી, હોલમાં અધિવેશન કરી રહ્યા છે.

ત્યારે આ રકમ વેડફી મારનાર હોદેદારો સામે અમારો સખત વિરોધ છે.

આ રકમ પાછી જમા કરવા માટે સૌ બાજખેડાવાળ સમાજના દરેક મંડળો અને દરેક ગામના પ્રમુખો સાથે સમાજની દરેક વ્યક્તિઓની લાગણી છે.

આજે પણ હિતવર્ધક સભા તરફથી ગુજરાતના ખાલી ૫૬ લોકોને સહાય મલે છે, નવા ફોર્મ, જરૂરિયાતવાળા સમાજના વ્યક્તિને મંજુર કરતા નથી કે જવાબ પણ આપતા નથી

આ એ જ ભાઈ છે જેમનો દીકરો

Fincare Small Finance Bankમાં હતો અને તેને પ્રમોટ કરવા સમાજની બધી સંસ્થાઓની રકમ ઉપરની બેન્કમાં મૂકી હતી અને વિરોધ થયો.

આ એજ વ્યક્તિ છે જેણે આણંદ બાજખેડાવાળ સમાજની સીધેશ્વર મહાદેવવાળી જગ્યાના તમામ વાસણો, ગાદલા, ચાદરો વિગેરે વેચી દીધું છે.

આજે આપને એ વાડી બુક કરવી હોય તો બધું ભાડેથી લાવવું પડે, સમાજની વ્યક્તિને દોઢ લાખ ખર્ચવા પડે આપ વિચાર કરશો

સમાજના અગ્રણી, મોભીઓ જે દરેક ગામના પ્રમુખશ્રીઓ અને સમાજની જે પણ વ્યક્તિએ ડોનેશન આપેલ છે તેમને સાચી વાતથી વાકેફ કરવા માટે આ પોસ્ટ મોકલી છે. આપ નીડર બાજખેડાવાળ હો તો જરૂરથી સમાજના બીજી વ્યક્તિને મોકલશો અને સાચી જાગૃતિ લાવશો.

**– શશીકાન્ત પંડ્યા**

# શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના પ્રમુખનો નમામા પત્રનો ખુલાસો પુર્ણ પત્ર...

સન્માનનીય જ્ઞાતિજનો,

શ્રી બાજખેડાવાળ સમાજ

જય મહાદેવ ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન નજીક આવી ગયું છે ત્યારે કિનારે બેસી અને કાંકરીચાળો કરવાની ઘટનાઓ ચાલુ કરી છે. એક મુરબ્બીએ સોશીયલ મીડીયાના માધ્યમથી ગામે ગામના મંડળો અને નીડર લોકોને અપીલ કરી છે. તે આગળ મુજબના પાનાનો નનામો પત્ર છે તેનો જવાબ

ખરેખર મુરબ્બીના નામે લખાયુ છે એ મુરબ્બીનો સ્વર્ગવાસ તા. ૪–૧૨–૨૨ના રોજ થઈ ગયેલ છે. તેમના નામે કાયરતાપૂર્ણ કામ કરવામાં આવેલ છે. અમને ખબર નથી કે, આવું કાયરતાપૂર્વકનું લખાણ કરવા પાછળનું પ્રયોજન શું છે ? સને ૨૦૦૪ પહેલા અધિવેશન જવલ્લે જ મળતા હતા. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદની કારોબારીની મીટીંગ પણ વર્ષમાં બે કે ત્રણ વખત જ મળતી હતી. દ્વારા ભંડોળ ઓછું હોવાના કારણે વિધવા ત્યક્તા બહેનોને સામાન્ય મદદ કરવામાં આવતી હતી. આ સમયે એક ખમીરવંતા યુવાનને સમાજનું સુકાન સોંપવામાં આવે છે. એ ખમીરવંતા પ્રમુખ એ પરીવાર અને ઓળખીતાઓ તથા જ્ઞાતિ સમાજના દાતાઓ પાસેથી રકમ એકઠી કરી અને ભંડોળમાં વધારો કરવાની શરૂઆત કરી. તેમજ દર વર્ષે અધિવેશન કરી અનેક સમાજના લોકોનો મેળવડો કરી અને એકત્ર રકમ દ્વારા વધુ ને વધુ વિધવા બહેનોને લાભ મળે તેવા પ્રયત્નો શરૂ કર્યા. સારા કામમાં મદદ મળતા વાર લાગતી નથી. તેમ તેમના આ સુંદર કામ ને વેગ મળ્યો અધિવેશન જવલ્લે જ થતા હતા. તેની જગ્યા એ દર વર્ષેની નીયમીત યોજાવવા લાગ્યા. ભંડોળ રૂ. ૩૭,૭૦,૫૨૨ થી શરૂઆત કરેલ ભંડોળ તા. ૩૧–૩–૨૨ સુધીમાં ૧,૯૭,૦૦,૦૦૦ રૂા. (એક કરોડ સત્તાણું લાખ પુરા) સુધી પહોંચાડી છે. જેના કારણે ૨૦૦૪માં વિધવા ત્યક્તા બહેનોને જે ૧૮૦ રૂા. આપતા હતા તે તા. ૩૦–૦૭–૨૨ સુધીમાં રૂા. ૧૩૦૦ આપતા હતા. જે તા. ૧/૮/૨૨ થી ૨૦૦૦ રૂા. કરેલ છે. જે પાછળનો સૌથી વધુ સમયનો ભોગ આપેલ હોય તો, એ ખમીરવંતા શ્રી કિરીટકુમાર મંગુપ્રસાદ દવેએ આપેલ છે. એક રેકોર્ડ છે કે કિરીટકુમાર દવે કોઈ કાય હાથમાં લે તો, એક ખૂબ જ સુંદર રીતે પૂર્ણ થઈ જાય. દર વર્ષે યોજાતા અધિવેશનમાં માતબર દાન સમાજ માટે લાવવાનો શ્રેય શ્રી કિરીટકુમાર દવેને જ જાય છે. હજું ૩૩મું રાષ્ટ્રીય અધિવેશન પૂરૂ થયું નથી અને સને ૨૦૨૩માં નડિયાદ મુકામે યોજાનાર ૩૪માં રાષ્ટ્રીય અધિવેશનની તૈયારી આયોજન તેઓશ્રીએ કરી દીધી છે. સને ૨૦૨૪માં યોજાનાર ૩૫માં અધિવેશન માટે પણ પાયાનું કામ કરી દીધુ છે. સમાજના ઉત્કર્ષ માટે વધુ ઝીણવટથી કુનેહપૂર્વક કામ કરવાની શીખ તેમની પાસેથી મળે છે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ અને શ્રી બાજખેડાવાળ વિ.સ.સ. મંડળી, અમદાવાદમાં મીટીંગ ખર્ચ કે સામાન્ય સભા ખર્ચ પાડવામાં આવતો નથી. જે ખર્ચ ગામે ગામના યજમાન સંસ્થા કે પ્રમુખ ભોગવે છે. બાકી સામાન્ય રીતે આ બધા ખર્ચ સંસ્થામાં જ નાખવામાં આવે છે. સંસ્થાઓનું સમયસર ઓડીટ તથા સામાન્ય સભાનું આયોજન નીયમીત રીતે થાય તે માટે સતત શ્રી કિરીટકુમાર દવે પ્રયત્નશીલ રહે છે. કઈ રકમ ક્યા હેડ

હેઠળ લઈ જઈએ તો, સંસ્થાને ખોટો ટેક્ષ ભરવો ના પડે. તે અંગે ઝીણવટ પૂર્વકનું આયોજન કરવામાં આવે તે શું ખોટું છે ?

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ શ્રી બાજખેડાવાળ વિ.સ.સ. મંડળી, અમદાવાદ તથા શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા Fincare Small Finance Bank અને ફીક્સ ડીપોઝીટ મુકવામાં આવેલ. અન્ય બેંકમાં ૫.૫% વ્યાજે ડીપોઝીટ મૂકાતી હતી. ત્યારે ૯% વ્યાજના દરે આ ડીપોઝીટ જે તે વખતે મૂકાયેલ છે. જેના નીયમીત રીતે દર ત્રણ માસે વ્યાજની રકમ જે તે ખાતામાં જમા થયેલ છે તથા મોટાભાગની રકમ પરત પણ આવી ગયેલ છે. માતબર રકમનું વર્ષે ૪.૫% લેખે વધારાનું વ્યાજ અપાવીને સંસ્થાને નુકશાન કરેલ હોય તો, આ લખેલ વસ્તુ વ્યાજબી ગણાય.

શ્રી અખિલ ભારતાય બાજખેડાવાળ હિતવર્ધક સભા અમદાવાદ દ્વારા વિધવા ત્યક્તા બહેનોને સહાય આપવામાં આવે છે. આ અંગેના નીયત ફોર્મ હોય છે. નિયત માહીતી ફોર્મ સાથે પુરી પાડવાની હોય છે. જે ફોર્મ સંસ્થામાં આવતા તેની કમીટી સમક્ષ મૂકવામાં આવે છે. જે સંસ્થાના નીયમ મુજબ ગુણવત્તાના આધારે સહાય અપાય છે. ૬૦ વર્ષથી નીચેની બહેનોને આ લાભ મળતા નથી. જેના કારણે શ્રી બાજખેડાવાળ વિ. સ. સ. મંડળી દ્વારા ૬૦ વર્ષેથી નીચેની વિધવા ત્યક્તા બહેનોને ટયુશન ફી સહાય લેખે નીયત રકમ અપાય છે. જેની આ તબક્કે તમને જાણ કરીએ છીએ.

વધુમાં ઉમરેઠના આ ભાઈ ગુજરી ગયેલ છે. તેમના નામનો ખોટો ઉપયોગ કરી અને આવા ખોટા મેસેજ મોકલવામાં આવે છે. જે મૃતક વ્યક્તી તથા તેમના પરીવારની ઈમેજ ને બટ્ટો લગાડવાનું કૃત્ય દુ:ખદ છે.

સમય સંજોગોને આધીની નીતી વિષયક નીર્ણયો લેવાના હોય છે. જે લેવામાં આવેલ. વધુમાં ૩૩માં અધિવેશનમાં ૧૪ લાખથી વધુ દાન લાવવાનું શ્રેય શ્રી કિરીટભાઈ દવેને જ જાય છે. દરેક કારોબારી પાસેથી કામ લઈ અને સેવાના યજ્ઞમાં જોડવાનું કામ તેઓ કરેલ છે. આવા સેવાભાવી કાર્યકર ઉપર આવા આક્ષેપ શોભનીય નથી. મારી ગામે ગામના મંડળોના પ્રમુખ અને આગેવાનો અને કારોબારીને નમ્ર વિનંતી કે આવા આક્ષેપના તથ્યોની ઝીણવટપૂર્વક તપાસ કરી અને તેને વખોડા નાખશો. જેથી આવા સમાજના કામમાં બાધા નાખતા તત્વોને કોઈ પ્રોત્સાહન ન મળે તે જોવાની ફરજ આપણા સૌની છે.

જે કોઈ ભાઈએ દુ:સાહસ કરી વ્યક્તીગત તથા સંસ્થાઓને લાંછન લગાડવાનો પ્રયાસ કરેલ છે. તેઓને અમે જાણીએ છીએ. પરંતુ સમાજનું વાતાવરણ ડહોળાય નહી અને લખનારશ્રીઓની પોતાની મનોવૃત્તી તથા પોતાના વ્યવહારો સમાજને જણાવવા ન હોય તો આટલેથી જ અટકી જઈ અને હવનમાં હાડકા નાંખ્યા વગર ભલે સમાજને મદદરૂપ ના થઈ શકે પણ આવો દુ:સપ્રચાર ન કરવા વિનંતી છે.

આભાર સહ.....

લિ. આપનો

પ્રણવ શશીકાન્તભાઈ જોષી

(કિરીટકુમાર મંગુપ્રસાદ દવેનો ભાણેજ જમાઈ)

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**
૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

## કાયરતા પૂર્ણ જ્ઞાતિજનો લખેલ પત્રનો જ્ઞાતિજનો માટે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના પ્રમુખનો જાહેર ખુલાસો

સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. તથા શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ આ ત્રણેય સંસ્થાઓ વર્ષોપર્યંત પોતાની આગવી શૈલીથી કારોબારી સભ્યોના પ્રયત્નોથી દિન પ્રતિદિન સધ્ધર થયેલ છે. જેમાં શંકાને સ્થાન નથી. આ બધી જ સંસ્થાઓના હિસાબો નિયમિત લખાય છે, સંસ્થાને મળતી પુરેપુરી રકમોની પાકી પાવતીઓ બને છે, સમયસર હિસાબો લખાય છે, નિયમિત નિયમ મુજબ વાર્ષિક સાધારણ સભાઓ બોલાવાય છે, મહેરબાન મદદનીશ ચેરીટી કમિશ્નર સાહેબની ઓફિસમાં રીટર્ન ભરાય છે, નિયત સમયે ચૂંટણી/નિમણૂંક થાય છે જેના ફેરફાર રિપોટર્સ ભરાય છે. જે સમયસર જે સક્ષમ અધિકારીશ્રી દ્વારા મંજૂર થાય છે. આવી સુંદર વ્યવસ્થાઓ સમાજના વિશાલ હિતમાં ગોઠવાયેલ છે. પ્રમુખ બદલાય પણ આ શીરસ્તો બદલાતો નથી અને મને જણાવતાં આનંદ થાય છે કે આ ત્રણેય સંસ્થાઓ દાતાઓ દ્વારા મળેલ રકમના વ્યાજની રકમમાંથી જ જ્ઞાતિ સમાજના ઉત્કર્ષ માટે, બાળકોના ભણતર માટે, સામાજિક પ્રવૃત્તિઓ માટે આયોજન કરે છે. પરંતુ,

વિઘ્ન સંતોષી બાજખેડાવાળ દ્વારા ૪-૧૨-૨૦૨૨ના રોજ ગુજરી ગયેલા શશીકાન્તભાઈ પંડ્યાના નામે કાયરતાપૂર્ણ એક વ્હોટસએપ મેસેજ ફેરવી સંસ્થાઓને તથા વહીવટદારોને ખરાબ ચિતરવાનો પ્રયત્ન કરેલ છે જેથી ના છૂટકે સમાજના વિશાળ હિતમાં મારે આ ખૂલાસાઓ કરવાની ફરજ પડી છે. આ જે કોઈ વિકૃત માણસ છે તેની અમને ખબર છે પરંતુ અમે એની સામે કાદવ ઉછાળવામાં માનતા નથી. જો તેઓનામાં હિંમત હોય તો ગુજરાતના કોઈપણ ગામમાં જ્ઞાતિજનોની મિટીંગ બોલાવે તે મિટીંગનો તથા ભોજનનો તમામ ખર્ચ અંગત રીતે ભોગવવા તૈયાર છું અને હું પ્રત્યક્ષ હાજર રહીશ. મારી વિરુદ્ધ પૂરાવા સાથેની જે કોઈ વાત હોય તે મૂકે અને મારાથી, મારા દ્વારા થયેલ સંસ્થાઓનું થયેલ નુકશાન હું વ્યાજ સહિત ભરવા તૈયાર છું અને તેઓને રજૂઆત કરવાનો પૂરો મોકો આપવામાં આવશે. પરંતુ તેમના દ્વારા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા હિતની વિરુદ્ધ , શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લીના હિત વિરુદ્ધ તથા શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના હિત વિરુદ્ધ તથા શ્રી બાજખેડાવાળ મંડળ આણંદના હિત વિરુદ્ધ એમણે કરેલ દુષ્પ્રચાર અને તેમની પ્રવૃત્તિઓની જાણ હું આ સભામાં કરીશ અને તેમના દ્વારા કઈ સંસ્થાને કેટલું નુકશાન કરવામાં આવેલ છે તેની વિગતો હું આપીશ તેમને આ પ્રવૃત્તિઓ બદલ તેમની

સામે શું કાર્યવાહી કરવી તે સમાજ નક્કી કરશે અને હું ગુનેગાર સાબિત થઈશ તો એ મિનીટથી હું સમગ્ર સમાજોમાંથી, જાહેર જીવનમાંથી રાજીનામું આપી દૂર થઈ જઈશ અને સમાજને થયેલ નૂકશાન વ્યાજ સહિત ભરપાઈ કરીશ.

(૧) શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. દ્વારા રૂ. ૧,૭૫,૦૦૦/- ની રકમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને અધિવેશન પેટે ડાયરેક્ટ ચેક આપવામાં આવેલ છે નહીં કે તે ચેક શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદને આનું કારણ પણ છેલ્લા બે વર્ષથી શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.દ્વારા ઈનામો તથા અન્ય કોઈ પ્રવૃત્તિ થયેલ નહોતી ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી જોષી સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ આ રકમ આપવામાં આવેલ છે તથા વધારાની રકમો નોટબુક પ્રોજેક્ટ ખાતે જે ગામો ચોપડાઓ છપાવતા હતા તેઓને પણ માતબર રકમ આપવામાં આવેલ છે. જેની રજૂઆત કરવામાં આવેલ નથી તેમના ગામને પણ આ રકમ મળેલ છે. (રૂ. ૧,૨૫,૦૦૦/- જેવી માતબર રકમનો ઈન્કમટેક્ષ ભરવો ના પડે અને જ્ઞાતિ સમાજ માટે જ જ્ઞાતિ સમાજની પ્રવૃત્તિઓને લાભ મળે તેવા શુભ આશયથી આ કરેલ છે)

(૨) શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા એચ.ડી.એફ.સી. ઈન્ફ્રાસ્ટકચર બોન્ડ, યુ.ટી.આઈ. મ્યુચ્યઅલ ફંડ જેવી સંસ્થાઓમાં આપણે રકમો મુકેલી જેની માતબર રકમ કે જે લાખો રૂપિયામાં કમીશન પેટે આવેલી જે પણ સંસ્થાએ ચેક દ્વારા સ્વીકારેલ છે જેની આ તબક્કે નોંધ લેવી. (હોદ્દેદારો ધાર્યું હોત તો આ રકમ રોકડી મેળવી શક્યા હોત)

(૩) અધિવેશન અંકમાં ગામે ગામમાં યોજાતા અધિવેશનો જ્યારે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા પોતે કરે ત્યારે આવકમાંથી ખર્ચો બાદ કરતા વધેલી રકમ પૂરેપૂરી હિતવર્ધક સભાને મળેલ છે અને ગામે ગામના મંડળો દ્વારા પણ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને માતબર રકમ મળેલ છે જેની નોંધ અધિવેશન અંકમાં તથા ડિસેમ્બર-૨૨ની પત્રિકામાં છાપવામાં આવેલ છે.

(૪) ગામે-ગામ અધિવેશનો યોજાય છે ત્યારે તેને ખર્ચને પહોંચી વળવા સામાન્ય રીતે એક ફોરમેટ પ્રમાણએ દાતાઓ પાસેથી શક્ય તેટલી વધુ રકમ મેળવવામાં આવે છે જે તેના ખર્ચ કરતા વધારે હોય તે સ્વાભાવિક છે દાતાઓ સ્વૈચ્છિક દાન આપે છે જેની આ તબક્કે નોંધ લેજો. આણંદ ખાતે આ સતત બીજુ અધિવેશન આ જ હોલમાં છે જેમાં હોલનું ભાડું, લાઈટ બીલ, ડાયસનો ખર્ચો, માઈકનો ખર્ચો, ખુરશીના ખર્ચા જેવા અનેક ખર્ચાઓ જે-તે એજન્સીઓને ચુકવવા પડતા હોય છે. કિરીટકુમાર મંગુપ્રસાદ દવેએ સંસ્થાનો વહીવટ પોતાના બાપાની પેઢી હોય તેવી રીતે કર્યો નથી. સંસ્થાના બંધારણની મર્યાદામાં રહીને સંસ્થાના વિશાળ હિતમાં સમગ્ર સમુદાયને સાથે રાખી સમાજના હિતમાં, જ્ઞાતિ ઉત્કર્ષમાં કરવામાં પ્રયત્નો જીવનપર્યંત કરી રહ્યા છે અને કરશે તેમાં શંકાને સ્થાન નથી.

(૫) શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વિશિષ્ટ સહાય ફંડમાંથી જે-તે ગામના જ્ઞાતિ સમાજના પ્રમુખની ભલામણોથી વિશિષ્ટ સહાયની રકમ ચૂકવવામાં આવે છે.

ગમે તેવી વ્યક્તિને સંસ્થાના નિયમ વિરુદ્ધ આ રકમ વહીવટદારો આપી શકતા નથી. આવા સંજોગોમાં કેટલાક ફોર્મ વિશિષ્ટ સહાય માટે નામંજૂર થતા હોય છે. મંજુર થયેલા ફોર્મ તથા નામંજૂર થયેલા ફોર્મનો રેકોર્ડ સંસ્થાના રેકર્ડ પર કાયમી છે જ તેના નાશ કરવામાં આવતો નથી. આમ છતાં કોઈ મુરબ્બી દ્વારા કે સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા પોતાની ઓછી સમજ અથવા અજાણતાને કારણે જાણે – અજાણે કોઈની ભલેમણામાં સહી કરી હોય અને એવી સહાય નામંજૂર થઈ હોય તો અંગત ગજગ્રાહ રાખવાની જરૂર નથી.

(૬) શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેન્કમાં નીચે મુજબની વિગતથી રકમો મુકવામાં આવેલી જેમાંથી નીચે મુજબની રકમો પાકતી મુદતે પરત આવી ગયેલ છે. બેન્ક દ્વારા નિયમિત રીતે દર ત્રણ માસે ખાતામાં વ્યાજની રકમ જમા આપવામાં આવેલી છે. જે તે સમયે વ્યાજના દર ૫% થી ૫.૫% થઈ ગયા હતા ત્યારે ૯% વ્યાજે દર ૩ માસે વ્યાજ મેળવી કોઈ ગુન્હો કર્યો હોય તો હું સજાને પાત્ર છું. જો આમ કરવામાં આવ્યું ન હોત તો વિશિષ્ટ સહાયની મદદની રકમમાં વધારાને બદલે ઘટાડાની પરિસ્થિતિ ઉભી થઈ હોત. માત્રને માત્ર જ્ઞાતિ સમાજના હિતના લાભોનું જ ધ્યાન રાખવામાં આવેલું છે જેની આ તબક્કે નોંધ લેજો. કિરીટકુમાર મંગુપ્રસાદ દવે દ્વારા સમગ્ર સમાજમાં ક્યાંય કોઈ જગ્યાએ પોતાના આર્થિક લાભ માટે, પ્રતિષ્ઠા માટે કે અંગત સ્વાર્થ માટે કર્યું નથી અને જેને કારણે જ જ્યારે જ્યારે કોઈ પણ સંસ્થામાં સંસ્થાના ઉત્કર્ષ કે સંસ્થાના હિતમાં રકમની જરૂર પડે ત્યારે માત્ર ટહેલ નાખવાથી ભંડોળ ભેગું થઈ જતું હોય છે. ગામે ગામના વ્યક્તિઓ આ સંસ્થાઓમાં કારોબારી સભ્યો તરીકે સ્થાન શોભાવે છે અને ખભેખભા મિલાવી કાર્યો કરે છે. આમ છતાં આપ પોતે કાયરતા અનુભવી બીજા બાજખેડાવાળને નીડર બનાવવા માટે નિકળી પડ્યા છે તે કેટલા અંશે વ્યાજબી છે.

અંતમાં ફરી એક વખત આપ કાયર ખેડાવાળને હું જણાવું છું કે આ પ્રવૃતિ બંધ કરી સમાજ જે ઉત્તરોત્તર પ્રવૃતિ કરી રહ્યું છે તેના વાતાવરણને ડહોળવાનો પ્રયત્નો કરશો નહીં જે આપની પ્રવૃતિઓ છતી કરવામાં આવશે તો આપને સમાજ દ્વારા હડધૂત થવાનો વારો આવશે અને આપના દુષકૃત્યોથી સમાજમાં જે રહી સહી આબરૂ છે તે ખોઈ બેસશો.

શ્રી બાજખેડાવાળ સમાજ માટે એવી કહેવત છે કે “શીગોડીનો વેલો છે” જાણે અજાણે દૂર કે નજીકથી કામ કરતા કાર્યકરો એકબીજાના સગા અથવા ઓળખીતા હોય છે જેના કારણે તેઓને આવા પત્રો લખી નીચે પાડવાનો પ્રયત્ન કરવો નહીં.

પાળતુ કૂતરું પણ જ્યારે બચકુ ભરી જાય ત્યારે ૧૪ ઈન્જેકશન મુકાવવા પડતા હોય છે એમ આ જ્ઞાતિ સમાજને ઈન્જેકશનોના ભાગ રૂપે મારે આ પત્ર લખવાની નમ્ર ફરજ પડી છે જેની નોંધ લેશો.

**–કિરીટકુમાર મંગુપ્રસાદ દવે – પ્રમુખ**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

# નનામા પત્ર લખવાવાળાએ ગુજરી ગયેલા શશીકાન્ત પંડ્યાના નામનો ઉલ્લેખ કરેલ તેનો તેમના પુત્ર યજ્ઞેશ પંડ્યાનો ખુલાસો

મોકલનાર
યજ્ઞેશ એસ. પંડ્યા
ઘેલડ શેરી, ઉમરેઠ,
હાલ નવસારી
(મો.) ૯૯૭૯૫૧૫૬૪૫

શ્રી ૧।

જય મહાદેવ


શ્રી બાજખેડાવાળ હીતવર્ધક સભાના પ્રમુખશ્રી કીરીટભાઈ કન્વીનરશ્રી પ્રણવભાઈ જોષી તથા સભ્યશ્રીઓ આમંત્રીત સર્વ મહેમાનશ્રી

સવિનય જણાવવાનું કે હું સહી કરનાર યજ્ઞેશ એસ. પંડ્યા મુળ વતન, ઉમરેઠ હાલ નવસારી ડ્રી. કોર્ટમાં ફરજ પર છું. મને અને મારા પરીવારને ઘણુ દુઃખ થાય છે કે મારા પિતાશ્રી શશીકાન્ત રાજારામ પંડ્યા ઉમરેઠનું અવસાન તા ૪-૧૨-૨૨ના રોજ થયેલ અને હજુ તેઓની વિધી પૂર્ણ થઈ ન હતી અને કોઈ બાજખેડાવાળના વ્યક્તિ કે તેમને મલેલા અન્ય વ્યક્તિઓ દ્વારા સમાજમાં તથા અમારા કુટુંબને ખરાબ રીતે ચિતરવા માટેના ખરાબ પ્રયાસ કરેલો છે અને What માધ્યમ તથા ફેસબુકના સહારે તથા અન્ય રીતે મારા પિતાશ્રી સ્વ. શશીકાન્ત પંડ્યાના નામ બેનામી અરજી કરી કોઈનું કોઈના વ્યક્તિત્વ પર ખોટી રીતે લાંછન લગાડે છે તેવા વ્યક્તિઓને આજે હું સંદેશ આપુ છું કે આવો પત્ર કે કોઈ જાતનું લખાણ મારા પિતાશ્રીએ કરેલ નથી અને આશરે છેલ્લા ૩ મહિનાથી કોઈ પણ જાતનું હાથથી લખાણ કરી શકતા ન હતા અને અમોએ આ વાત જાણી તો અમારા પરિવાર પર વ્રજઘાત થયો હોઈ એવી લાગણી હું અનુભવ છું. તેઓ આશરે ૪૦ વર્ષથી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રાયોજક સમિતિ ઉમરેઠમાં અગ્રેસર હતા અને તેઓએ સતત બાજખેડાવાળ બ્રાહ્મણો કોઈને કોઈ રીતે મદદરૂપ થવાની ભાવના રાખતા હતા અને પરિવારમાં આવી પડેલા દુઃખ તથા નાંદુરસ્ત તબિયત હોય તે છતાં અનેક પ્રસંગો જ્ઞાતિને લગતા કરેલ છે બાજખેડાવાળ હિતવર્ધક સભામાં દરેક વર્ષે તેઓ બનેલ હોઈ તેટલી હાજરી આપેલ છે.


નોંધ – અમરા તથા અમારા પરિવારનાં આવી કુબુદ્ધિ ધરાવતા વ્યક્તિઓને સંદેશ છે આવા કાર્યો બંધ કરી દે નહી તો વખત આવે કાયદેસરના પગલાં પણ લેવા જોઈએ.

(યજ્ઞેશ એસ. પંડ્યા)
(મો.) ૮૮૬૬૮૦૦૭૮૨

| | | |
|---|---|---|
| Name | : | Dr. Hetal Bharatkumar Bhatt |
| Height | : | 5‘-3’’ |
| Weight | : | 54 Kg. |
| Birth Date | : | 05-03-1993 |
| Birth Time | : | 05.05 p.m. |
| Birth Place | : | Anaheim, California, U.S.A. |
| Education | : | Medicine, 2nd Year Residency |
| Profession | : | - |
| Monthly Income | : | - |
| Native Place | : | |
| Mother Name | : | Leenaben Bharatkumar Bhatt |
| Borther/Sisters | : | 1-Unmarried |
| Maternal Place | : | Umreth |
| Father | : | Bharatkumar Rajendraprasad Bhatt |
| Address | : | - |
| Mobile No. | : | 714-814-0282, 714-814-0283 |
| E-mail | : | bhattji1960@gmail.com, leenabhatt67@gmail.com |
| Choice | : | Well Educated, Family Oriented, Dharmik Preferably Form USA or CANADA |
| Note | : | |
| Gotra | : | Chitralashya |
| Nakshatra | : | Ashlesha |
| Rashi | : | Kark |
| Nadi | : | Antya |
| Gan | : | - |
| Varna | : | Bhrahman |
| Yoni | : | Majar |
| Varg | : | - |




નામ : કુ. જીનલ શૈલેષકુમાર ભટ્ટ ઊંચાઈ : ૫'-૨'' વજન : ૫૮ કિલો
જન્મતારીખ : ૦૪-૦૪-૧૯૯૪ જન્મસ્થળ : ખંભાત જન્મસમય : ૦૯.૪૫ સવારે
અભ્યાસ : એમ.બી.એ. (એચ.આર.)
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી
વાર્ષિક આવક : ૬ લાખ
ગોત્ર : લંકાલસ
રાશિ : મકર
નક્ષત્ર : ઉત્તરાષાઢા
નાડી : અંત્ય
માતાનું નામ : જયશ્રીબેન શૈલેષકુમાર ભટ્ટ
ભાઈ/બહેન : ૧-ભાઈ-પરણિત
પિતાનું નામ : શૈલેષકુમાર હીરાલાલ ભટ્ટ
સરનામું : બી-૮, સોમનાથ કોમ્પલેક્ષ, એ.એમ.ટી.એસ. બસ સ્ટોપ પાસે, ગણપતિ મંદિર સામે, નરોડા, અમદાવાદ
ફોન/મોબાઈલ : ૯૪૨૬૦૬૯૩૩૯ (પિતા), ૯૪૨૯૦૨૪૦૩૦ (માતા)





---

નામ : ચિ. ચીંતન ભદ્રેશકુમાર દવે ઊંચાઈ : ૫'-૫'' વજન : ૮૫ કિલો
જન્મતારીખ : ૧૮-૦૩-૧૯૮૮ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૦૮.૨૮ સાંજે
અભ્યાસ : બી.એ., પી.જી.ડી.સી.એ.
મૂળવતન : અમદાવાદ વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૧૫,૦૦૦/-
ગોત્ર : ગૌતમસ
રાશિ : મીન
નક્ષત્ર : ઉ.ભા.
નાડી : મધ્ય
માતાનું નામ : દેવયાનીબેન ભદ્રેશકુમાર દવે
ભાઈ/બહેન : ૧-ભાઈ-અપરણિત, બહેન-નથી
પિતાનું નામ : ભદ્રેશકુમાર જયેન્દ્રભાઈ દવે
સરનામું : ૪-બી, નિહર્ષ પાર્ક સો, રામદેવપીર મંદિર પાસે, કરસદ, તા. આણંદ, જી. આણંદ
ફોન/મોબાઈલ : ૯૮૯૮૭૩૭૫૨૫, ૮૮૬૬૦૯૯૬૩૦, ૯૮૯૮૩૪૫૬૨૪




નામ : ચિ. તેજસ અક્ષયકુમાર શુકલ ઊંચાઈ : ૫'-૯'' વજન : ૭૫ કિલો
જન્મતારીખ : ૨૩-૦૭-૧૯૯૬ જન્મસ્થળ : ઉમરેઠ જન્મસમય : ૦૭.૧૩ સાંજે
અભ્યાસ : બી.ઈ (આઈ.ટી.) (ઈન્ફર્મેશન ટેકનોલોજી)
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : માસ્ટર ડીગ્રી માટે – યુ.કે.
માસિક આવક : –
ગોત્ર : પૌનસ્ય
રાશિ : તુલા
નક્ષત્ર : ચિત્રા
નાડી : મધ્ય
માતાનું નામ : સ્વ. જીજ્ઞાષા અક્ષયકુમાર શુકલ
ભાઈ/બહેન : નથી
પિતાનું નામ : અક્ષયકુમાર નીલકંઠરાય શુકલ
સરનામું : ૨૧-એ, વિવેકાનંદનગર, આણંદ-વિદ્યાનગર રોડ, ગોલ્ડ સિનેમા પાસે,
આણંદ-૩૮૮૦૦૧
ફોન/મોબાઈલ : ૯૮૨૪૯૧૫૧૫૯





---

નામ : ચિ. દુષ્યંત ઉમેશભાઈ પંડ્યા ઊંચાઈ : ૫'-૬'' વજન : ૬૦ કિલો
જન્મતારીખ : ૨૦-૦૭-૧૯૯૨ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૧૦.૫૫ સવારે
અભ્યાસ : બી.કોમ.
મૂળવતન : સોજીત્રા વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૩૫૦૦૦/-
ગોત્ર : વચ્છસ
રાશિ : મીન
નક્ષત્ર : રેવતી
નાડી : મધ્ય
માતાનું નામ : કેતકીબેન ઉમેશભાઈ પંડ્યા
ભાઈ/બહેન : ૧-ભાઈ-પરણિત
પિતાનું નામ : ઉમેશભાઈ મનુભાઈ પંડ્યા
સરનામું : ૫૨, ટાટાનગર સોસાયટી, મેઘાણીનગર, કેશવબાગ સોસાયટી પાસે,
મેઘાણીનગર, અમદાવાદ
ફોન/મોબાઈલ : ૯૮૨૫૭૪૨૧૮૭




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. પાર્થ ભદ્રેશકુમાર દવે |
| ઊંચાઈ | : | ૫'-૭'' |
| વજન | : | ૭૦ |
| જન્મ તારીખ | : | ૦૬-૦૧-૧૯૯૧ |
| જન્મ સમય | : | ૦૧.૧૭ બપોરે |
| જન્મ સ્થળ | : | આણંદ |
| અભ્યાસ | : | બી.બી.એ, ડીપ્લોમાં ઈન મેનેજમેન્ટ-ન્યુઝીલેન્ડ |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | 1500 NZ $ |
| મૂળ વતન | : | અમદાવાદ |
| માતાનું નામ | : | દેવયાનીબેન બી. દવે |
| ભાઈ/બહેન | : | ૧-ભાઈ, બહેન-નથી |
| મોસાળ | : | કરમસદ |
| પિતા | : | કાળીદાસ ઈશ્વરભાઈ દવે |
| સરનામું | : | ૪૩૭, સુભાષપોળ, કરમસદ<br>૪-બી, નિહર્ષ પાર્ક, રામદેવ પીર મંદિર પાસે, કરમસદ |
| ફોન નં. | : | – |
| મોબાઈલ નં. | : | – |
| ઈ-મેઈલ | : | – |
| સંપર્ક | : | ભદ્રેશકુમાર જે. દવે |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | +૬૪૦૨૨૪૩૪૧૧૨૯, ૯૮૯૮૩૪૫૬૨૪, ૯૮૯૮૭૩૭૫૨૫ |
| પસંદગી | : | – |
| નોંધ | : | ન્યુઝીલેન્ડમાં પી.આર. ફાઈલ મુકેલ છે.<br>ફેબ્રુઆરીના પ્રથમ વીકમાં આવે છે. |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | ગૌતમસ |
| નક્ષત્ર | : | ઉ.ફાલ્ગુની |
| રાશિ | : | કન્યા |
| નાડી | : | આદ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | ગૌ |
| વર્ગ | : | – |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Amar Bharatkumar Bhatt |
| Height | : | 6’-2’’ |
| Weight | : | 64 Kg. |
| Birth Date | : | 02-09-1996 |
| Birth Time | : | 05.09 a.m. |
| Birth Place | : | Anaheim, California, U.S.A. |
| Education | : | Manufrcture Engineering, Master in 2nd Years |
| Profession | : | Engineer at Defnce Company |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Leenaben Bharatkumar Bhatt |
| Borther/Sisters | : | 1-Sister - Unmarried |
| Maternal Place | : | - |
| Father | : | Bharatkumar Rajendraprasad Bhatt |
| Address | : | - |
| Phone No. | : | 714-814-0282, 714-814-0283 |
| Mobile No. | : | - |
| E-mail | : | bhattji1960@gmail.com,<br>leenabhatt67@gmail.com |
| Choice | : | Well Educated, Family Oriented, Dharmik<br>Preferably Form USA or CANADA |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Chitralashya |
| Nakshatra | : | Bharni |
| Rashi | : | Mesh |
| Nadi | : | Madhya |
| Gan | : | - |
| Varna | : | Khatriya |
| Yoni | : | Gaj |
| Varg | : | Mrug |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Meet Parthiv Shelat (Canada PR) |
| Height | : | 5‘-7’’ |
| Weight | : | 61 Kg. |
| Birth Date | : | 04-08-1997 |
| Birth Time | : | |
| Birth Place | : | Ahmedabad, Gujarat, India |
| Education | : | Post Graduate Diploma in International Business & Diploma in Computer Engineering |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | |
| Mother Name | : | Meghal Parthiv Shelat |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | - |
| Father | : | Parthiv A. Shelat |
| Address | : | B-11, Shrijibapa Complex, Opp. Vasna Bus Stop, Nr. Swaminarayan Temple, Vasna, Abad-380007 |
| Phone No. | : | 7990313491 (Mother), 9825016788 (Father) |
| Mobile No. | : | - |
| E-mail | : | - |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | Upmanas |
| Nakshatra | : | Megha |
| Rashi | : | Leo |
| Nadi | : | Aataya |
| Gan | : | Rakshas |
| Varna | : | Brahmin |
| Yoni | : | Mushak |
| Varg | : | Mushak |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Shyam Gaurangkumar Khambholja |
| Height | : | 6‘-2’’ |
| Weight | : | 73 Kg. |
| Birth Date | : | 18-11-1999 |
| Birth Time | : | 10.30 a.m. |
| Birth Place | : | Dakor |
| Education | : | B.Tech. |
| Profession | : | Job |
| Monthly Income | : | 4 lak Yearly |
| Native Place | : | Dakor |
| Mother Name | : | Late. Gayatriben Gaurangkumar Khambholja |
| Borther/Sisters | : | 2-Sister, 1-Married, 1-Unmarried |
| Maternal Place | : | - |
| Father | : | - |
| Address | : | - |
| Phone No. | : | - |
| Mobile No. | : | 9998022042 |
| E-mail | : | khambholjashyam1682@gmail.com |
| Contact | : | Gaurangkumar Kishanlal Khambholja |
| Address | : | 8/B, Yamunapark Society, Dakor-388225 |
| Phone | : | 9998022042 |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Vachhasya |
| Nakshatra | : | Purvabhadra |
| Rashi | : | Kumbh |
| Nadi | : | Adya |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Jay Nilesh Dave (U. S. Citizen) |
| Height | : | 5‘-4’’ |
| Weight | : | 61 Kg. |
| Birth Date | : | 20-01-1996 |
| Birth Time | : | 01.55 a.m. |
| Birth Place | : | Kolkata |
| Education | : | B.IT (Sydney Uni.) M.IT (Melbourne Uni.) |
| Profession | : | Job |
| Monthly Income | : | AUD $ 80,000/- P.A. |
| Native Place | : | Morad (Reside. Anand) |
| Mother Name | : | Minaben Dave |
| Borther/Sisters | : | 1-Brother-Married |
| Maternal Place | : | Nadiad |
| Father | : | Nilesh Dave |
| Address | : | ‘Shantumesh’, Lal Bahadur Shastri Marg,<br>Beside Dr. Kahanapur Dispensary,<br>Anand-388001 |
| Mobile No. | : | 8240646377 |
| Contact | : | Minaben Dave |
| Address | : | As Above |
| Phone | : | 8128512686 |
| Choice | : | Mixing Nature, Sanskari, Beautiful & Qualified |
| Note | : | IT, Accounting, Pharma And<br>Computer Science First Priferable |
| Gotra | : | પૌનસ |
| Nakshatra | : | પૂ.ષાઢા |
| Rashi | : | ધન |
| Nadi | : | મધ્ય |
| Gan | : | મનુષ્ય |
| Varna | : | ક્ષત્રિય |
| Yoni | : | વાનર |
| Varg | : | - |



## SCAN TO PAY
### WITH ANY BHIM UPI APP

**: Name : BAJ KHEDAWAL VIDHYARTHI**

*શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.માં શેર સભાસદ માટે, વિદ્યોતેજક ફંડ માટે અને શેર ટ્રાન્સફર ફી માટે રોકડ અથવા ચેકથી મોકલવા માટેના પ્રયત્નો કરવા પડતા હોય છે. જેના માટે વ્યક્તિઓના માધ્યમોનો અથવા કુરિયરના માધ્યમનો સહારો લેવો પડતો હોય છે અથવા રૂબરૂ આવવું પડતું હોય છે. આ બધાથી બચવા માટે સંસ્થા દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવેલ છે. આપની ઉપર મુજબની વિગતથી "ક્યુઆર કોડ" આપવામાં આવેલ છે. આપશ્રી જ્યારે પણ રકમ જમા કરાવો ત્યારે પૈસા જમા કરાવ્યાનો સ્ક્રીન શોર્ટ અથવા ફોન કરવાનું અવશ્ય રાખશો જેથી રકમ મળ્યાનું કંફર્મેશન મળી જાય. (ખોટી જગ્યા એ જતુ ન રહે)*

***બીજી અગત્યની સુચના*** *– આપ જ્યારે વિદ્યોતેજક ફંડમાં કે દાનની રકમ આપતા હોવ ત્યારે ખાસ કરીને આપનો આધાર કાર્ડ અને પાન કાર્ડની કોપી અવશ્ય મોકલી આપશો જેથી આપને ૮૦જી હેઠળ બાદ લઈ શકો. રૂ. ૨૫૦૦/–થી ઉપરની રકમ ઈન્કમટેક્ષમાં મજરે લેવા આ માહિતીની જરૂર છે. રૂ. ૨૫૦૦/– કે તેથી ઉપરની રકમ હશે તેને જ પાવતી મોકલી આપવામાં આવશે. જેની નોંધ લઈ યોગ્ય કરશો.*

***આ "ક્યુઆરકોડ" કાયમ માટે સાચવીનો રાખશો.***

Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/ 2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024
LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024
Published on 27th Every Month

## : જાણવા જોગ :

***શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે*** http://abbhs.in ***પર*** Patrika ***વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.***

## : સુધારો :

*ડિસેમ્બર–૨૦૨૨ના અંકમાં પેજ નં. ૩૨ પર રિંકેશના જન્માક્ષરમાં* Profession : Product Development Scientist Manager Spray Drying GoBia Ltd. Ireland, Europe, PR Ireland / Stamp-4 *તથા* In India During February *વાંચવું.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ઘર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭
**(M) 9898535030, 9974127810**